




જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય   તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

વર્ષ : ૪૭ અંક : ૨૪૧ જૂનાગઢ તા.૨૮-૯-૨૦૨૩ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 241, Junagadh : Date : 28 September, 2023, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


# જૂનાગઢનાં વિકાસનાં દ્વારા ખુલ્યા : નવનિર્મિત ઉપરકોટનાં કિલ્લાને ખુલ્લો મુકાયો

## આજથી ચાર દિવસ માટે તમામ નાગરીકો માટે ફ્રી એન્ટ્રી : રૂા. ૭૪ કરોડનાં ખર્ચે નિર્માણ પામેલો ઉપરકોટનો કિલ્લો સોરઠની શાન અને ભવ્ય ઐતિહાસીક વારસો





જૂનાગઢ તા. ૨૮

ઈતિહાસનો ભવ્ય વારસો, અનેક સદીઓની ઓળખ અને સોરઠની શાન સમાન ઉપરકોટનો ભવ્ય કિલ્લો આખરે આજથી જાહેર જનતા માટે ખુલ્લો મુકાયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં હસ્તે ઉપરકોટનાં કિલ્લાને ખુલ્લો મુકવામાં આવ્યો છે. આજથી ઉપરકોટનો કિલ્લો જૂનાગઢવાસીઓ અને જૂનાગઢની મુલાકાતે આવતા પ્રવાસીઓ માટે એક નવલું નજરાણુંઅને યાદગાર પુરવાર થશે. આજથી ચાર દિવસ સુધી તમામ નાગરીકો માટે ઉપરકોટનાં કિલ્લામાં ફ્રી એન્ટ્રી રાખવામાં આવી છે. તા. ૨૯ સપ્ટેમ્બરથી તા. ૨ ઓકટોબર દરમ્યાન તમામ નાગરીકો ઉપરકોટમાં વિનામૂલ્યે પ્રવેશ કરી શકશે. તા. ૩ ઓકટોબર મંગળવારથી નિશ્ચીત ટીકીટ સાથે પ્રવેશ મળશે તેવું સુત્રોમાંથી જાણવા મળી રહયું છે.

ઉપરકોટનું લોકાર્પણ કર્યા બાદ મુખ્યમંત્રીએ જૂનાગઢનો મીની તાજમહેલ ગણાતા મહાબત મકબરાનું પણ લોકાર્પણ કર્યુહતું. મહાબત મકબરા અને બહાઉદીન મકબરા પ્રી-વેડીંગ અને પોસ્ટ વેડીંગ ફોટોગ્રાફીનાં ડેસ્ટીનેશન તરીકે અગાઉ પણ ભારે લોકપ્રિય હતા ત્યારે બંને મકબરાનું નવનિર્માણ થતાં આ મકબરા ફરી એકવાર લોકોનાં આકર્ષણનું કેન્દ્ર બનશે.

ઉપરકોટનાં કિલ્લાનું લોકાર્પણ પહેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રોપ-વે મારફત અંબાજી મંદિર પહોંચ્યા હતા અને માતાજીનાં દર્શન-આરતીનો લાભ લીધો હતો.

ઉપરકોટઅને મકબરાની મુલાકાતબાદ ટાઉનહોલ ખાતે આગમન થયું હતુંઅને ટાઉનહોલનાં કાર્યક્રમ બાદ ખામધ્રોળ ખાતે આગમન, ત્યારબાદ અનુસુચિત જાતિ મોર્ચાનો કાર્યક્રમ, ત્રિમૂર્તિ દર્શન તેમજ આલ્ફા વિદ્યા સંકુલ ખલીલપુર ખાતે મહિલા મોર્ચાનાં કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભાગ લઈ રહયા છે. મુખ્યમંત્રીનાં આગમન સબબ સમગ્ર શહેરમાં લોખંડી બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો છેઅને લોકો તેમજ વાહન વ્યવહારની અવર જવર પણ નિયંત્રીત કરવામાં આવી છે.

(તસ્વીર : વિજય ત્રિવેદી)







# ક્રિકેટ વર્લ્ડ કપ દરમ્યાન ત્રાસવાદી હુમલો કરવાની ખાલીસ્તાની આતંકવાદી પન્નુએ ધમકી આપી

નવી દિલ્હી તા. ૨૮

ભારત અને કેનેડા વચ્ચે ખાલીસ્તાની આતંકીઓ મુદે સતત વધી રહેલા રાજદ્વારી તનાવમાં હવે ખાલીસ્તાની ત્રાસવાદી આગામી માસથી ભારતમાં રમાનારા ક્રિકેટ વર્લ્ડકપને નિશાન બનાવે તેવી શકયતા છે. કેનેડા સ્થિત ખાલીસ્તાની આતંકી ગુરૂપતવંતસિંહ પન્નુએ એવી ધમકી આપી હોવાનું માનવામાં આવે છે કે ક્રિકેટ વર્લ્ડકપ ટેરર વર્લ્ડકપ બની જશે. હાલમાં જ દિલ્હીમાં કેટલાક સબ-વે તથા અન્ડરબ્રીજમાં ખાલીસ્તાની તરફી સુત્રો લખાયા હોવાની પણમાહિતી હતીઅને શિખ ફોર જસ્ટીસ સંસ્થા તથા કેનેડાસ્થિત તેના અગ્રણી પન્નુએ કેટલાક આતંકીઓનેદિલ્હી મોકલ્યા હોવાનું તથા નવા સંસદ ભવનને નિશાન બનાવવા પ્રયાસ થશે તેવી પણ આશંકા ગુપ્તચર વર્તુળોમાં વ્યક્ત થઈ રહી છે તે સમયે તા.૫ ઓકટોબરના અમદાવાદમાં મોદી સ્ટેડીયમમાં વર્લ્ડકપનો જે ઓપનીંગ મેચ છે તે રમી શકાશે નહી

કેનેડા સ્થિત શિખ ફોર જસ્ટીસના ગુરૂપતવંતસિંહ એ ટ્રેસ ના કરી શકાય તેવા આઈપી પરથી રેકોર્ડેડ ફોન કોલથી ચેતવણી આપતા એવું જણાવ્યું હતું કે, હવે ક્રિકેટ વર્લ્ડકપ નહી: 'વર્લ્ડ ટેરર કપ' રમાશે તેવી ધમકી પન્નુએ આપી છે અનેક લોકોને બ્રિટનથી નંબર ૪૪૭૪૧૮ ૩૪૩૬૪૮ પરથી ફોન મળ્યા હતા જેમાં એક ત્રાસવાદી સંદેશ પણ અપાયો હતો જેમાં પન્નુ એવુ કહેતો હોવાનું જણાવ્યું છે કે શહીદ નિજજરની હત્યા બાદ અમો તમારી બુલેટ સામે બેલેટ (મતપત્ર)નો ઉપયોગ કરવા જઈ રહ્યા છીએ અને અમો તમારી હિંસા સામે મતનો ઉપયોગ કરશું. ભારતમાં રમાનારા ક્રિકેટ વર્લ્ડકપનો ઉલ્લેખ કરતા કહ્યું કે આ 'વર્લ્ડ ટેરર કપ' હશે. પન્નુએ ઓટ્ટાવામાં ભારતીય મિશન બંધકરી દેવા ઉપરાંત જણાવ્યું હતું કે ભારત અને મોદીએ વડાપ્રધાન જસ્ટીન ટ્રૂડોનું અપમાન કર્યું છે.

### પંજાબમાં બનેલી ઘટના : શીખ અને દલિત યુવતિઓએ ગુરૂદ્વારામાં લગ્ન કરી લીધા

ચંડીગઢ તા. ૨૮ : પંજાબમાં એક LGBT કપલના લગ્ન ગુરૂદ્વારમાં પરંપરાગત રીતિ રિવાજની સાથે થયેલા લગ્ન આજકાલ ખૂબ જ ચર્ચાનો વિષય છે. અકાલ તખ્તના જત્થેદાર જ્ઞાની રઘવીર સિંહે આ વિવાહને અપ્રાકૃતિક અને શિખ ધર્મના સિદ્ધાંતો વિરૂદ્ધ ગણાવ્યા છે. તેમણે બઠિંડા ગુરૂદ્વારા કમિટીના લગ્ન કરનારા ગ્રંથી હરદેવ સિંહ અને ત્રણ અન્યને આગામી સૂચના સુધી સસ્પેન્ડ કરવાનું ફરમાન જાહેર કર્યું છે. હવે શિખોના સૌથી મોટી ધાર્મિક સંસ્થા શિરોમણી ગુરૂદ્વારા પ્રબંધક કમિટી ધર્મસંકટમાં છે અને આ વાતની તપાસ કરી રહી છે

# ક્રુડ તેલના ભાવમાં ભડકો : ૯૭ ડોલરને પાર

નવી દિલ્હી, તા.૨૮ : મોંઘવારીનો માર સહન કરતા સામાન્ય લોકો તથા તેને કાબુમાંલેવા માટેસરકારના પ્રયાસો વચ્ચે સરકાર માટે વધુ એકપડકાર ઉભો થઈ શકે તેમ હોય એમ ક્રુડતેલનો ભાવ ૯૭ ડોલરને વટાવી ગયો છે તેને બદલે પેટ્રોલ-ડિઝલના મોરચે નવી મુશ્કેલી સર્જાઇ શકે છે. વિશ્વ બજારમાં ક્રુડતેલનોભાવ ઈન્ટ્રા ડે ૯૭ ડોલરને પાર થઈ ગયો હતો જયારે ડબલ્યુટીઆઈ ક્રુડતેલ ૯૩.૫૪ ડોલર પહોંચ્યુ હતું.

ચાલુવર્ષનો આ સૌથી ઉંચો ભાવ થયો છે. નિષ્ણાંતોના કહેવા પ્રમાણે ઓપેક દ્વારા ઉત્પાદન કાપ લંબાવવામાં આવ્યો છે. સાથોસાથ અમેરિકાના ક્રુડ સ્ટોકમાં ધાર્યા કરતા વધુ ઘટાડો હોવાના રીપોર્ટના પગલે માનસ તેજીનું બન્યું હતું. વૈશ્વિક ક્રુડ સળગવાના પગલે અને એક જ દિવસમાં ૩ ડોલર જેટલું ઉંચકાઈ જતાભારતમાં ક્રુડતેલનો ઓકટોબર વાયદો ૩.૪૯ ટકા ઉંચકાયો હતો અને ૭૮૦૧ના સ્તરે પહોંચી ગયો હતો. જાણકારોના કહેવા પ્રમાણે છેલ્લા કેટલાક દિવસોથી રશિયાથી ડિઝલ શીપમેન્ટ ધીમા પડયા છે. વિશ્વસ્તરે ક્રુડતેલ મોંઘુ થયું છે.

આ સંજોગોમાં ભારત સરકાર માટે નવો પડકાર ઉભો થઈ શકે છે. મોંઘવારી ડામવા સરકાર કેટલાક કદમ ઉઠાવી જ રહી છે. પેટ્રોલ-ડિઝલ પર દબાણ વધી શકે છે. પેટ્રોલિયમ કંપનીઓને બોજો વધશે. આગામી મહિનાઓ ચૂંટણીના છે અને તે સંજોગોમાં સરકાર પેટ્રોલ-ડિઝલમાં ભાવ વધારો લાગુ કરી શકે છે તેમ નથી. પેટ્રોલ-ડિઝલ મોંઘુ થવાનાસંજોગોમાં મોંઘવારી પર બોજ આવી શકે છે અને ચૂંટણી વખતે સરકારને તે પોષાય તેમ નથી.

જૂનાગઢ મનપા તંત્રની બલિહારી... પ્રજામાં રોષ સાથે કટાક્ષની મીશ્ર લાગણી જોવા મળી

# મુખ્યમંત્રીનાં આગમનનાં ગણતરીનાં કલાકો પહેલા જૂનાગઢનાં બિસ્માર માર્ગો પર થીગડા મારવાની કવાયત







જૂનાગઢ તા. ૨૮ : જૂનાગઢ શહેરમાં આજે મુખ્યમંત્રીનાં આગમનનાં ગણતરીનાં કલાકો પહેલા હંમેશા કુંભકર્ણની નિદ્રામાં રહેવા ટેવાયેલું જૂનાગઢ મનપા તંત્ર સફાળુ જાગ્યું હતુંઅને મુખ્યમંત્રી જે માર્ગો ઉપર પસાર થવાના છે માત્ર તે જ માર્ગો ઉપર થીંગડા મારવાની કવાયત હાથ ધરવામાં આવી હતી. ત્યારે પ્રજામાં રોષ સાથે કટાક્ષની લાગણી પણ જોવા મળી હતી. લોકો એવું કહેતા જોવા મળી રહયા હતા કે, મુખ્યમંત્રીએ વારંવાર જૂનાગઢની મુલાકાત લેવી જોઈએ જેથી કરીને બીજું કંઈ નહી તો જૂનાગઢનાં માર્ગો તો ચાલવા લાયક થઈ જાય....!!




**ખોડલધામ ટુર**

સ્લીપર કોચ

તા. ૧૦-૧૧-૨૦૨૩ ભાઈબીજથી ટુર ઉપડશે | દિવસ-૪૦

જેમાં મથુરા, હરીદ્વાર, નેપાળ સાથે બાર જયોતિર્લિંગ યાત્રધામ રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રીનાથ, દ્વારકા, ગંગાસાગર, તિરૂપતિ, કન્યાકુમારી, કેરલા તમામ સુવિધા સાથે

એક વખત ખોડલધામની યાત્રામાં સહકુટુંબ સાથે પ્રવાસ કરશો તો તમારી આ યાત્રા યાદગાર રહેશે

વહેલા તે પહેલાનાં ધોરણે

: બુકીંગ સંપર્ક :

મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭ - જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ : જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો





તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ

સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ભગંદર, હરસ-મસા, ફિશર સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર

આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર

અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર

બાળકો માટે સુવર્ણપ્રાશન

વ્યસનમુક્તિ સારવાર

**ડો. શ્રેયસ જી. ભાલોડિયા**

M.S. (Ayurved) Shalya

જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર

રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર

રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી

ૐ આયુર્વેદ હોસ્પિટલ

પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨ મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫

Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com



**નવરાત્રી મહોત્સવ મનાવો ટાઉનહોલનાં ગ્રાઉન્ડમાં**

- શું આપ નવરાત્રી મહોત્સવ માટે પાર્ટી પ્લોટ કે મેદાન રાખવાનું વિચારી રહયા છો ?
- શું આપ સર્વજ્ઞાતિય નવરાત્રી મહોત્સવનાં આયોજન માટે વિચારી રહયા છો ?
- શુંઆપ એકદિવી -બે દિવસ અથવા ૧૦દિવસ માટે ગ્રુપમાં દાંડીયા રાસનાં આયોજનનું વિચારી રહયા છો ?

તો મુંઝાશો નહી... કારણ કે....

જૂનાગઢ શહેરની મધ્યમાં આવેલ કાળવા ચોક ખાતે આવેલ શામળદાસ ગાંધી ટાઉન હોલનું ગ્રાઉન્ડ છે જ...

આ ગ્રાઉન્ડ આધુનીક સુવિધાઓથી સજ્જ છે જેમાં લાઈટ ડેકોરેશન, નામી ઓરકેસ્ટ્રા મ્યુઝીકલ પાર્ટી, નામી કલાકારો સાથેની પણ વ્યવસ્થા છે આપને તો માત્ર નવરાત્રી મહોત્સવનું આયોજન જ કરવાનું છે બાકી સંપૂર્ણ સુવિધાથી સજ્જ છે

વહેલા તે પહેલાનાં ધોરણે

તો આપ રાહ શેની જોઈ રહયા છો ...?

બુકીંગ ચાલુ છે

સંપર્ક : મો. ૯૮૨૫૬ ૧૧૩૦૧

જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# સ્માર્ટ ફોનનો મોહ બાળકો માટે ખતરાની ઘંટડી

સગીરોમાં ઈન્ટરનેટના વધતા ઉપયોગ અને તેની સાથે જોડાયેલા નુકસાનને રેખાંકિત કરતાં કર્ણાટક હાઈકોર્ટે હાલમાં જ સૂચના આપતાં કહ્યું છે કે વયસ્ક થાય ત્યારે જ તેમને ઈન્ટરનેટ મીડિયાનો ઉપયોગ કરવાનો અવસર આપવો જોઈએ. વસ્તુતઃ જસ્ટિસ જી. નરેન્દ્ર અને જસ્ટિસ વિજયકુમાર એ. પાટીલની ખંડપીઠ એક્સ કોર્પ (ટ્વિટર) સાથે જોડાયેલી એક અપીલની સુનાવણી કરી રહી હતી. આ દરમ્યાન આ ટિપ્પણી પણ કરવામાં આવી હતી. ખંડપીઠે કહ્યું, 'સ્કૂલે જનારાં બાળકો ઈન્ટરનેટ મીડિયાના આદતી થઈ ગયા છે, તેથી તેને રોકવું પડશે.'

હવેના જમાનામાં સ્માર્ટફોન સ્ક્રીન વાલીઓ માટે એક અંતહીન ગુસ્સાનું કારણ બની રહી છે. એક તરફ બાળકો સ્માર્ટ ફોનઈચ્છતા હોય છે, તો બીજી તરફ વાલીઓ ભલે સ્માર્ટફોનના વ્યસની બની ગયા હોય અને એ જાણવા છતાં કે ઈન્ટરનેટમાં ઘણી બધી ચીજો બાળકો માટે છે, તે તેમને આપવા પણ માંગે છે અને નહીં પણ, આ બધું મળીને ભારતીય ઘરોમાં માનસિક દ્વંદ્વનો એક પરિવેશ રચાય છે, જેનાથી દરેક પરિવાર પીડિત છે. જોકે માધ્યમોની પસંદગીને લઈને ભારતીય ઘરોમાં આ દ્વંદ્વ નવો નથી. પહેલાં રેડિયો સાંભળવા, પછી ટીવી જ્યારે ઘરે ઘરે પહોંચ્યું તો એવું જ કંઈક તેની સાથે થયું કે આ બાળકોને બગાડી મૂકશે, તેમને વધુ ટીવી ન જોવા દેવું જોઈએ, એવી ચર્ચાઓ દરેક ઘરની કહાની હતી.

પરંતુ સ્માર્ટફોનની કહાની આ બધા માધ્યમોથી અલગ છે. આ એક બહુ શક્તિશાળી માધ્યમ છે જેની સાથે ફોન અને કેમેરા લાગેલો છે, જે આપણા ખિસ્સામાં આવી જાય છે અથવા એમ કહો કે તે આપણે વ્યસ્ત રહેવા માટે ઉશ્કેરે છે અને પછી આપણી વ્યાકુળતાના સ્તરને વધારે છે અને અંતમાં આપણને તેના વ્યસની બનાવી દે છે. બાળકો મામલે આ સ્થિતિ વધુ ગંભીર થઈ જાય છે, કારણ કે સ્માર્ટફોન એક માધ્યમ રૂપે વધુ વ્યક્તિગત અને માંગ પર ઉપલબ્ધ કન્ટેન્ટ પ્રદાન કરે છે, જે અંતર વૈયક્તિક સંબંધોની ગતિશીલતાને પ્રભાવિત કરે છે. તેથી તેનાથી દૂર થઈ શકવું તુલનાત્મક રૂપે થોડું મુશ્કેલ હોય છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન અનુસાર, એકથી પાંચ વર્ષનાં બાળકો માટે સ્ક્રીમ ટાઈમ દિવસમાં એક કલાકથી વધારે ન હોવો જોઈએ. ૬થી ૧૪ વર્ષના બાળકો માટે વધુમાં વધુ સ્ક્રીમ ટાઈમ પ્રતિદિન છ કલાક હોવો જોઈએ, પંરતુ માત્ર ત્યારે જ્યારે બાળકે ઓનલાઈન શિક્ષણ લેવાનું હોય. નહિ તો આ સમયસીમા બે કલાક હોવી જોઈએ.

માતા-પિતાને પરિપક્વ સામગ્રી સુધી પહોંચને પ્રતિબંધિત કરવા માટે 'એડલ્ટ વેબસાઈટોને સીમિત કરો' વિકલ્પની પસંદગી કરવાની પણ અનુમતિ આપે છે. આ સીમાઓ, જે ગૂગલના એન્ડ્રોઈડ ઓપરેટિંગસિસ્ટમનો ઉપયોગ કરનારા ફોન પર પણ ઉપલબ્ધ છે, માતા-પિતા દ્વારા એક પાસવર્ડ સેટ કરવા પર નિર્ભર કરે છે, જેને માત્ર તેઓ જ જાણે છે. કોલોરાડો યુનિવર્સિટી, અમેરિકાની એક શોધમાં એ નિષ્કર્ષ નીકળ્યો છે કે વિશ્વના લગભગ ૯૦ ટકા બાળકો (૫ થી ૧૭ વર્ષની ઉંમરના) સ્માર્ટફોન પર વધુ સમય વીતાવી રહ્યા છે, તેથી તેઓ મોડા સૂવે છે અને તેમની ઊંઘની ગુણવત્તા પ્રભાવિત થાય છે. તેના દુષ્પરિણામ બાળકોની ઊંઘ અને એકાગ્રતામાં કમી રૂપે સામે આવે છે. સ્માર્ટફોનથી નીકળનારા પ્રકાશના તરંગો શરીરની આંતરિક જૈવિક ઘડિયાળ અને ઊંઘ લેવાની પ્રક્રિયા પર અસર કરે છે, જે શરીરના મેલાટોનિનહોર્મોનને ઓછું કરે છે, જે આપણા શરીરને એ બતાવે છે કે સૂવાનો સમય થઈ ગયો છે.

વળી સ્ક્રીન પહેલાંની તુલનામાં નાના થતા જાય છે, તેથી તેનો ઉપયોગ વ્યક્તિગત સ્તર પર થતો જાય છે. તેથી બાળકો માટે તેનો ઉપયોગ વધુ આસાન છે. જે સમયે તેમણે સૂવું જોઈએ, તે સ્માર્ટફોન પર વીડિયો જોતા હોય છે કે ગેમ રમતા હોય છે. મનોવૈજ્ઞાનિકો અનુસાર, બાળપણ અને કિશોરાવસ્થામાં સારી ઊંઘ આવવી સ્થૂળતાના ખતરાને ઓછો કરે છે અને બાળકોના સંજ્ઞાનાત્મક વ્યવહારને બહેતર કરે છે. નેટફ્લિક્સ, એમેઝોન પ્રાઈમ વીડિયો અને યુટ્યૂબ જેવા વીડિયો આધારિત ઈન્ટરનેટ ચેનલો આવી જવાથી સ્ક્રીન પર વીતાવવામાં આવતો સમય વીડિયો કાર્યક્રમો માટે આપણી દિનચર્યાનો મોહતાજ નથી રહ્યો, જ્યારે જેને જેવો મોકો મળે તે પોતાના મનપસંદ કાર્યક્રમોનો આનંદ લઈ શકે છે. આ સુવિધા પોતાની સાથે કેટલીક સમસ્યાઓ પણ લાવી રહી છે અને તેનો સૌથી વધુ શિકાર બાળકો થઈ રહ્યા છે, જેઓ મોડી રાત સુધી પોતાના મનપસંદ કાર્યક્રમ સ્માર્ટફોન પર જોતા રહે છે. એ અલગ વાત છે કે આપણે સ્માર્ટફોનના મોહમાં એવા બંધાયા છીએ કે એ વાત પર ધ્યાન નથી આપી રહ્યા કે આપણા બાળકો પણ તેની ચુંગાલમાં ફસાતા જાય છે, જે તેમના સ્વાસ્થ્ય માટે બહુ ખતરનાક થતું જાય છે.

જોકે ભારતમાં આ માધ્યમના દુરુપયોગનો બહુ જૂનો ઈતિહાસ નથી. એક જ સમયે માતા-પિતા અને બાળકો સાથે સાથે તેના ઉપયોગથી પરિચિત થઈ રહ્યા છે. સ્માર્ટફોન હવે આપણા જીવનની સચ્ચાઈ છે, તેથી તેનાથી દૂર રહીને આપણે આપણાં બાળકોને મોટાં નથી કરી શકવાના, પરંતુ તેના સંતુલિત ઉપયોગની રીત પણ તેમને શીખવવી જોઈએ. સાથે જ બાળકોની દિનચર્યામાં શારીરિક ગતિવિધિઓના ખેલથી લઈને ભણવાના અભ્યાસ સુધીનું યોગ્ય સંમિશ્રણ હોવું જોઈએ. હવે સમય આવી ગયો છે કે જ્યારે આપણે ટેકનિક અને એના પર ઉપલબ્ધ કન્ટેન્ટને અલગ-અલગ જોવાનું શીખવું પડશે, કારણ કે ટેકનિક કોઈ ખોટી કે ખરાબ નથી હોતી, તેના ઉપયોગની રીત સારી કે ખરાબ હોય છે. જ્યાં સુધી માતા-પિતા બાળકોની સાથે વિશ્વાસનો સંબંધ નહીં સ્થપાય ત્યાં સુધી તેઓ તેમને સ્માર્ટફોનના ઉપયોગની યોગ્ય રીત નહીં શીખવી શકે. આ દિશામાં ઈન્ટરનેટ સેવાઓ પ્રદાન કરનારી કંપનીઓએ પણ પહેલ કરવી જોઈએ, જેમ સૂતી વખતે વાઈ-ફાઈ રાઉટર આપમેળે બંધ થઈ જાય, કે તેમાં 'ચિલ્ડ્રન મોડ'નો એક વિકલ્પ આપવામાં આવે. અન્ય પ્રકારના સુરક્ષા સંબંધી ફીચર્સ વધારવામાં આવે, જેથી બાળકોની પહોંચ એ સીમિત કન્ટેન્ટ સુધી જ રહે, જે તેમના વાલીઓ ઈચ્છે છે.

## રિલાયન્સ ફાઉન્ડેશનના ચેરપર્સન છે નીતા અંબાણી

# નીતા અંબાણીને એનાયત થયો સિટિઝન ઓફ મુંબઈ પુરસ્કાર

મુંબઈ, તા.૨૮

રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરપર્સન નીતા અંબાણીને રોટરી કલબ ઑફ બોમ્બે દ્વારા પ્રતિષ્ઠિત અવૉર્ડ 'સિટિઝન ઑફ મુંબઈ ૨૦૨૩-૨૪'થી સન્માનિત કરવામાં આવ્યા છે. રિલાયન્સ ફાઉન્ડેશને ટ્વીટ કરીને આ અવૉર્ડ વિશે માહિતી આપી હતી. નીતા અંબાણીને પરિવર્તનશીલ સંસ્થાઓ દ્વારા આરોગ્યસંભાળ, શિક્ષણ, રમતગમત, કલા અને સંસ્કૃતિના ક્ષેત્રમાં તેમના નોંધપાત્ર યોગદાન માટે આ પુરસ્કાર આપવામાં આવ્યો છે. સન્માન મેળવ્યા બાદ નીતા અંબાણીએ કહ્યું, આપણા શહેર અને સમુદાય માટે રોટરી કલબ ઓફ બોમ્બેના અમૂલ્ય યોગદાન માટે હું નમ્રતાપૂર્વક આ અવૉર્ડ સ્વીકારું છું. મારા સસરા ધીરુભાઈ અંબાણી ૧૯૬૯માં માનદ રોટેરિયન બન્યા ત્યારથી રોટરી ક્લબ સાથે મારા પરિવારનું જોડાણ છે, જે દાયકાઓ જૂનો સંબંધ છે. જે બાદ ૨૦૦૩માં મુકેશ રોટેરિયન બન્યા હતા. રોટેરિયન તરીકે આ મારું ૨૫મું વર્ષ છે. મેં વર્ષોથી તમારી સાથેના આ પ્રવાસને પ્રેમથી યાદોમાં રાખ્યો છે. વાસ્તવમાં, સિટીઝન ઓફ મુંબઈ અવૉર્ડ એ રોટરી ક્લબ ઓફ બોમ્બે દ્વારા આપવામાં આવતું એક પ્રતિષ્ઠિત સન્માન છે, જે દર વર્ષે સમાજના વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન માટે આપવામાં આવે છે. તમને જણાવી દઈએ કે આ વર્ષની શરૂઆતમાં નીતા અંબાણીએ મુંબઈમાં નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટરનું ઉદ્‌ઘાટન કર્યું હતું. તે પ્રેક્ષકો અને કલાકારો બંને માટે ભારતીય કલા અને સંસ્કૃતિને શ્રેષ્ઠ રીતે પ્રકાશિત કરવા માટે એક પ્લેટફોર્મ તરીકે કામ કરે છે. નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટર ભારતમાં તેના પ્રકારનું પ્રથમ સાંસ્કૃતિક કેન્દ્ર છે. ભારતીય અને આંતરરાષ્ટ્રીય કલાકારોના પ્રદર્શન માટે ૧૬ હજાર ચોરસ ફૂટમાં ફેલાયેલું ચાર માળનું આર્ટ હાઉસ બનાવવામાં આવ્યું છે. ૮,૭૦૦ સ્વારોવસ્કી સ્ફટિકોથી સુશોભિત એક ભવ્ય કમળ-થીમ આધારિત ઝુમ્મર પણ છે. આ સિવાય અહીં ૨૦૦૦ બેઠકો ધરાવતું ભવ્ય થિયેટર છે, જેમાં દેશનો સૌથી મોટો ઓર્કેસ્ટ્રા પિટ બનાવવામાં આવ્યો છે. નાના પ્રદર્શનો અને કાર્યક્રમો માટે, 'સ્ટુડિયો થિયેટર'માં ૨૫૦ બેઠકો હશે, અને 'ધ ક્યુબ'માં ૧૨૫ બેઠકો હશે. આ બધામાં અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. રિલાયન્સ ફાઉન્ડેશનની વેબસાઈટ અનુસાર, તેઓ ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટીના સભ્ય તરીકે ચૂંટાયેલા પ્રથમ ભારતીય મહિલા છે અને મેટ્રોપોલિટન મ્યુઝિયમ ઑફ આર્ટ, ન્યૂ યોર્કના બોર્ડના માનદ ટ્રસ્ટી તરીકે ચૂંટાયેલા પ્રથમ ભારતીય છે. નીતા અંબાણી મુંબઈમાં સર એચએન રિલાયન્સ



ફાઉન્ડેશન હોસ્પિટલ અને સંશોધન કેન્દ્ર દ્વારા તમામ ભારતીયોને નજીવા ખર્ચે વિશ્વ-સ્તરની તબીબી સારવાર ઉપલબ્ધ કરાવી રહ્યા છે. નીતા અંબાણીના નેતૃત્વ હેઠળ, રિલાયન્સ ફાઉન્ડેશન તમામ લોકો માટે એકંદરે સુખાકારી અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત જીવનશૈલી સુનિશ્ચિત કરવા પરિવર્તનકારી ફેરફારોની સુવિધા આપવા માટે કામ કરી રહ્યું છે.

# વેરાવળમાં પીજીવીસીએલના વ્યાપક દરોડા, લાખોની વીજચોરી પકડી




(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

ઈન્સ્ટોલેશન ચેકિંગ ડ્રાઈવના અનુસંધાને ગીર સોમનાથ જિલ્લાની વેરાવળ વિભાગીય કચેરી હેઠળના વેરાવળ તથા તાલાલા તાલુકાની પેટાવિભાગીય કચેરીઓ હેઠળના વિવિધ વિસ્તારોમાં એસ.આર.પી. સ્ટાફ તથા પોલીસ સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત હેઠળ ઈજનેરોની કુલ ૩૪ જેટલી વીજચેકિંગ ટીમો દ્વારા વીજચેકિંગની કામગીરી કરવામાં આવી હતી. આ દરમ્યાન રહેણાંક, વાણિજ્યિક, ખેતીવાડી વગેરે મળીને કુલ ૪૬૮ જેટલા વીજજોડાણો ચકાસવામાં આવ્યાં હતા, જે પૈકી ૧૦૭ વીજજોડાણોમાં જુદાજુદા પ્રકારની ગેરરીતિ માલૂમ પડતાં કુલ રૂા.૨૨.૭૦ લાખની દંડનીય આકારણીના બિલ ફટકારવામાં આવ્યાં હતા. આગામી દિવસોમાં ચેકિંગની આ ઝુંબેશને વધુ વ્યાપક અને ગતિશીલ બનાવાશે તેવું વીજતંત્રના સૂત્રોએ જણાવ્યું છે. પીજીવીસીએલની આ કામગીરીને લીધે વીજચોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે. આ કામગીરીમાં બી.ડી. પરમાર અધીક્ષક ઈજનેર, જૂનાગઢ વી.એન. કગથરા કાર્યપાલક ઈજનેર, વેરાવળ જે. જે. કાચા નાયબ ઈજનેર વેરાવળ દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

# હાઈકોર્ટે રખડતા ઢોર અને રોડ મુદ્દે સરકારની ઝાટકણી કાઢી

અમદાવાદ, તા.૨૮

ગુજરાતમાં રખડતા ઢોરના ત્રાસથી જનતા ત્રાહિમામ પોકારી ઉઠી છે. તો બીજી બાજુ તંત્ર આ બાબતને લઈને મૌન સેવી રહ્યું છે. ત્યારે હજુ પણ રસ્તા પર ફરતા પશુઓના કારણે વાહનચાલકો, રાહદારીઓ અને નાના બાળકોથી લઈને વૃદ્ધો સતત તેનો ભોગ બની રહ્યાં છે. છેલ્લા કેટલાય સમયથી રાજ્યમાં ક્યાંક ને ક્યાંક કોઈનું આ રખડતા ઢોરના કારણે મૃત્યુ થાય છે. ત્યારે આ મામલે ગુજરાત હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. ગુજરાત હાઈકોર્ટે રખડતા ઢોર અને રોડ મુદ્દે સરકારની ઝાટકણી કાઢી. એડવોકેટ અમિત પંચાલ દ્વારા હાઈકોર્ટમાં કંટેમ્પ પિટિશન દાખલ કરવામાં આવી હતી. જેમાં જણાવવામાં આવ્યું હતું કે, રખડતા ઢોર અને



ખરાબ રસ્તા માટે હાઈકોર્ટે અનેકવાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ગુજરાત સરકાર માટે નિર્દેશો બહાર પાડ્યા હતા. જોકે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ગુજરાત સરકાર દ્વારા કાગળ પર જ કામ કરાયું છે, ગ્રાઉન્ટ પર કોઈ જ એક્શન લેવામાં આવ્યા નથી. કેટલીક બાબતો હજુ લાગુ નથી થઈ એ થવી જોઈએઃ HCઆ કંટેમ્પ પિટિશન પર આજે ન્યાયાધીશ દિવ્યેશ જોશી અને આશુતોષ શાસ્ત્રીની બેન્ચ સમક્ષ સુનવણી હાથ ધરાઈ હતી. આ દરમિયાન કોર્ટે કેટલાક મામલાઓમાં તંત્રની કામગીરી પર સંતોષ વ્યક્ત કર્યો હતો. તો અન્ય કેટલીક બાબતોને લઈને હાઈકોર્ટે કહ્યું હતું કે, કેટલીક બાબતો હજુ લાગુ નથી થઈ એ થવી જોઈએ. આ તકે રાજ્ય સરકારે નવી કેટલ પોલિસી અંગે વિગતો કોર્ટ સમક્ષ રજૂ કરી હતી. જેના પર હાઈકોર્ટે કહ્યું હતું કે, પોલિસી અને ગ્રાઉન્ડ પર રિયાલિટીમાં તફાવત છે. તંત્રએ કાગળ પર કાર્યવાહી કરી પણ જમીની હકીકત અલગ જ છે. ૪ વર્ષ બાદ પણ જમીની હકીકત બદલાઈ નથી. જાહેર સ્થળો પર રખડતાં ઢોરોનો ત્રાસ યથાવત છે. હાઈકોર્ટે કહ્યું હતું કે, કોર્ટને ઓથોરિટીનને ખખડાવવામાં નહીં, પરંતુ જાહેર હિતમાં રસ છે. હાઈકોર્ટે કહ્યું હતું કે, મણિનગર, નેહરુનગર, ઈસનપુરમાં રખડતા ઢોરની સ્થિતિ નિયંત્રણ બહાર છે. નવસારી રેલવે સ્ટેશનની સ્થિતિ પણ જુઓ. સુનાવણી દરમિયાન નડિયાદ નગરપાલિકાની હદમાં પણ રખડતા ઢોરનો મુદ્દો ચર્ચાયો હતો. જેના પર સરકાર તરફથી કહેવામાં આવ્યું હતું કે અરજદાર સંતુષ્ટ ન હોય તો સૂચનો આપી શકે છે. તો હાઈકોર્ટે કહ્યું હતું કે, અરજદાર પાસે સૂચનો હોય.

# જામજોધપુર રામવાડી ખાતે ગણેશમહોત્સવની ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)

જામજોધપુર, તા.૨૮

જામજોધપુરખાતે આવેલ રામવાડીમાં ગણેશ મહોત્સવ નિમિતે દેવયાનીબેન આશિષભાઈ રાઠોડ દ્વારા ઈકોફ્રેન્ડલી ગણેશજીની પ્રતિમા બનાવી ૭ દિવસ સ્થાપના કરવામાં આવી હતી તેમજ આ પ્રસંગે સત્યનારાયણની કથા તેમજ અન્નકોટ (પ્રસાદ)નું પણ આયોજન કરવામાં આવેલ હતું જેમાં બહોળી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

# અંકલેશ્વર ખાતે આવેલ સ્વામીનારાયણ સ્વરૂપ બી.એડ. કોલેજ ખાતે ગણપતી ઉત્સવ ઉજવાયો





અંકલેશ્વર, તા.૨૮

અંકલેશ્વર શહેરની સ્વામીનારાયણ સ્વરૂપ બી.એડ્. કોલેજના તાલીમાર્થી વિદ્યાર્થીઓ દ્વારા વિઘ્નહર્તા ગજાનન ભગવાનનું ભારે હૈયે વિસર્જન કરવામાં આવ્યું હતું. કોલેજ પટાંગણમાં દાદાની મહાઆરતી સાથે કોલેજના બહેનો દ્વારા છપ્પનભોગનું આયોજન કરવામાં આવ્યું હતું. ગણેશ ચતુર્થીના દિવસે શ્રી વિઘ્ન વિનાયકદેવની ષોડશોપચાર પૂજા સાથે કોલેજના પ્રાર્થનાખંડમાં ભવ્ય રીતે સ્થાપના કરવામાં આવી હતી. કોલેજીયન વિદ્યાર્થીઓએ ગણપતિ ભગવાનને ખુબ લાડ લડાવ્યા હતા.

સાથે સમાજને ભગવ ભક્તિનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

એક એક ડગલું ચાલવાથી માઈલોનું અંતર કપાય છે.
- ચીની કહેવત

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા. અર્દીબહેસ્ત-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, ભાદરવા સુદ-૧૪ અનંત ચતુર્દશી, વ્રતની પૂનમ, પંચક, મુ. ઈદેમિલાદ તા.૨૮ સપ્ટેમ્બર ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૧૪, મુસ્લિમ તા.૧૨, પૂર્વાભાદ્રપ્રદા નક્ષત્ર, ગંડ યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૪૨, સૂ.અ.૬:૪૦

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ), રાત્રે ૮:૨૮ ક. પછી જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: વ્યવસાયિક કાર્યોમાં લાભ થાય. મકાન, વાહન જેવી વસ્તુની ખરીદી થાય.
વૃષભ: કૌટુંબિક જીવનમાં આનંદ રહે. આવકમાં વધારો થાય.
મિથુન: મનમાં મૂંઝવણ અનુભવાય. અટકી-અટકીને કાર્યમાં સફળતા મળે.
કર્ક: મનમાં ચિંતા રહે. વિલંબથી કાર્યમાં સફળતા મળે.
સિંહ: બઢતીના યોગ છે. ધંધાકીય ક્ષેત્રે નવું આયોજન થાય.
કન્યા: મિત્ર વર્ગથી વિશ્વાસઘાત ન થાય તે માટે સાવધ રહેવું. નાણાંકીય ખર્ચનો પ્રસંગ બને.
તુલા: ગૃહસ્થી જીવનમાં આનંદ રહે. પ્રવાસ-મુસાફરીના યોગ છે.
વૃશ્ચિક: આળસ ન કરવી હિતાવહ. લાભની તક સરી ન જાય તે જોવું.
ધન: જીવનસાથીથી સ્નેહ રહે. આકસ્મીક મુસાફરી થાય.
મકર: જીવનસાથીના સહકારથી સામસ્યાનો ઉકેલ મળે. ખર્ચના પ્રસંગમાં વધારો થાય.
કુંભ: સંતાનથી લાભ થાય. માંગલિક કાર્યમાં સફળતા મળે.
મીન: નાણાંકીય વ્યવહારોમાં સંભાળવું. નોકરી-ધંધામાં મતભેદ સર્જાય.

# રાજકોટમાં લાડુ સ્પર્ધામાં પ્રથમ નંબર ૭૩ વર્ષના ગોવિંદભાઈ લુણાગરીયાએ ૨૧ લાડુ ખાધા

રાજકોટ,તા.૨૮

શહેરના રેસકોર્સના મેદાનમાં શહેર ભાજપ દ્વારા કરાયેલા સિદ્ધિ વિનાયક ધામ રેસકોર્સ ખાતે ગણેશ મહોત્સવમાં મંગળવારે મોદક સ્પર્ધા યોજાઈ હતી. જેમાં આ વર્ષે આટલા વર્ષોમાં પુરુષો વધુ લાડુ આરોગીને રેકોર્ડ સર્જ્યો હતો. ગણેશ મહોત્સવમાં દર વર્ષે જુદી જુદી સ્પર્ધાઓ યોજાય છે. આ વખતે પણ મોદક સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ૭૩ વર્ષના દાદાએ ૨૧ લાડુ આરોગી પ્રથમ ક્રમે બાજી મારી હતી, જ્યારે મહિલાની કેટેગરીમાં સૌથી વધુ ૯ લાડુ ખાધા હતા. ગણેશજીને અતિ પ્રિય એવા લાડુ એટલે કે મોદક અને આ મોદકની એક અનોખી સ્પર્ધા દર વર્ષે એકવખત ગણેશ ચતુર્થી નિમિત્તે રાજકોટ ખાતે યોજાય છે. આજે પણ સૌરાષ્ટ્ર મોદક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં બે વિભાગમાં પુરુષ, મહિલા અને ૫૨ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં રાજકોટમાં સરપદડ ગામના ૭૩ વર્ષના વૃદ્ધે શરૂઆતની ૩ મિનિટમાં જ ૫ લાડુ ખાધા હતા. એક લાડુ ૧૦૦ ગ્રામનો હતો. ૭૩ વર્ષના ગોવિંદભાઈ ૨૧ લાડુ ખાઈને સ્પર્ધા જીત્યા હતા. ગત વર્ષે ગોવિંદભાઈએ ૨૩ લાડુ ખાધા હતા

. લાડુ સ્પર્ધામાં પ્રથમ નંબર ગોવિંદભાઈ લુણાગરીયાએ ૨૧ લાડુ ખાધા હતા. માવજીભાઈ મોકાસણા ૧૩.૫ લાડુ ખાઈ શક્યા હતા. રમેશભાઈ પાંચાણીએ ૧૩ લાડુ ખાઈ શક્યા



હતા. જ્યારે મહિલા વિભાગમાં પ્રીતિબેન રૂપારેલીયાએ ૧૦ વૈશાલીબેન આચાર્યએ ૭ લાડુ ખાધા છે. જામનગર શહેરના કૃષ્ણનગરમાં જય અંબે મિત્ર મંડળ દ્વારા ગણપતિ દાદાને ૧૧૦૦૦ મોદક લાડુનો મહાપ્રસાદ ધરવામાં આવ્યો. જ્યારે ભારતીય ક્રિકેટર રવિન્દ્ર જાડેજાના પત્ની અને ભાજપ ધારાસભ્ય રિવાબા જાડેજા પણ આ ગણેશ મહોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા અને પોતાના હાથે લાડુ બનાવી ગણપતિ દાદાની અનોખી ભક્તિ સાથે સેવા કરી હતી.

# રાજ્યમાં ગુટકા-તમાકુ વગેરેના વેચાણ તથા સંગ્રહ ઉપર પ્રતિબંધ વધુ લંબાવાયો

ગાંધીનગર, તા.૨૮

રાજ્યમાં ગુટકા, તમાકુ તથા પાન-મસાલા સહિતની તમાકુ યુક્ત બનાવટોના વેચાણ-સંગ્રહ વગેરે માટેસરકાર દ્વારા પ્રતિબંધ લાગુ હોવા છતાં બેરોકટોક રીતે બેફામપણે તેનું વેચાણ-વપરાશ ચાલુછે. જે અંગેની ફરિયાદોપણ ઉઠતી રહે છે. ત્યારે તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી ના કરાતા તેની ઉપર અંકુશ લાદી શકાયું ન હોઈ આખરેસરકાર દ્વારા આ પ્રતિબંધ વધુ એક વર્ષ માટે લંબાવવાનો નિર્ણય કરવામાં આવે છે. એટલે હવેરાજ્યમાંવધુ એકવર્ષ તમાકુ-ગુટકા વગેરે ઉપર પ્રતિબંધ લાગુ રહેશે. ત્યારે જોવાનું એ છે કે તે કાગળ ઉપર જ રહે છે કે, સરકાર કડક બની બધુ બંધ કરાવશે. રાજ્યમાં ગુટકા તેમજ તમાકુ કે નિકોટીનયુક્ત પાન મસાલાના વેચાણ, સંગ્રહઅને વિતરણ ઉપર હાલ પ્રતિબંધ છે. આ પ્રતિબંધ નાગરિકોનુંસ્વાસ્થ્યવધુ સુદ્રઢ બને તે માટે તા.૧૩ સપ્ટેમ્બર૨૦૨૩થી વધુ એકવર્ષ સુધી લંબાવવાનો નિર્ણય કર્યો હોવાનું ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા જણાવાયું છે. ફૂડસેફટી સ્ટાન્ડર્ડએકટ-૨૦૦૬ અન્વયેનાનિયમો તથા રેગ્યુલેશન-૨૦૧૧ હેઠળ આ પ્રતિબંધ મૂકાયો છે. જેમાં કોઈપણ ખાદ્યચીજમાં તમાકુ કે નીકોટીન ઉમેરવું એ પ્રતિબંધ છે. ગુટકામાં તમાકુ કે નિકોટીનની હાજરી હોવાથી માનવઆરોગ્યને ખૂબજ નુકશાન થતું હોય છે. જેથી નાગરિકો તથા ભાવિ પેઢીના સ્વાસ્થ્યને જાળવી રાખવા માટે




ગુટકા ઉપર પ્રતિબંધ મૂકવો જરૂરી હોઈ આ નિર્ણય કરાયો છે. આ નિયમનો ભંગ કરનાર સામે કડક હાથે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. આ ઉપરાંત કોઈપણ વેપારી ગુટકા કે પાનમસાલા કે જેમાં તમાકુ કે નિકોટીનની હાજરી હોય તેના વેચાણ, સંગ્રહ અને વિતરણ કરતા પકડાશે તો તેને કાયદા હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર ગાંધીનગરની યાદીમાં વધુમાં જણાવાયું છે. એટલે કે સરકારી તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવાની જાહેરાત અગાઉની જેમ જ કરાઈ છે. પરંતુ હવે ખરેખર કડક કાર્યવાહી કરાય છે કે કેમ તે આગળ ખબર પડશે.

# બજાર ભાવ ઊંચો હોય તો સરકારને ટેકાના ભાવે કોણ મગફળી વેચશે ?

વાંકાનેર,તા.૨૮

ગુજરાત સરકારે ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ માટે ખરીફ પાકની ટેકાના ભાવે ખરીદી કરવાની જાહેરાત કરી છે, જેમાં ૨૫ સપ્ટેમ્બરથી ૧૬ ઓકટોબર દરમ્યાન ઈ ગ્રામ કેન્દ્ર ખાતે વી.સી.આઈ. મારફત ઈ સમૃધ્ધિ પોર્ટલ ઉપર ઓનલાઈન નોધણી કરવાની રહેશે. ભારત સરકારની પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન અંતર્ગત ઈ.એસ.એસ. હેઠળ ગુજરાતમાં ૨૧ ઓકટોબરથી મગફળી માટે ૧૬૦ કેન્દ્ર, મગ માટે ૭૩ કેન્દ્ર, અડદ માટે ૧૦૫ કેન્દ્ર અનો સોયાબીન માટે ૯૭ખરીદ કેન્દ્ર નક્કી કરાયા છે, જે અનુસંધાને ગુજરાત કિસાન કોંગ્રેસ મહામંત્રી અને વાંકાનેર માર્કેટ યાર્ડના પૂર્વપ્રમુખ શકીલઅહેમદ પીરઝાદાએ જણાવ્યુંહતું કે મગ, અડદ અને સોયાબીનની આવક વાંકાનેર માર્કેટ યાર્ડ ખાતે ખુબ જ ઓછીહોઈ તેના ટેકાના ભાવ વિશેટિપ્પણી કરવા નથી માગતા પરંતુ સરકાર દ્વારા રૂા.૬૩૭૭/- પ્રતિ કિવન્ટલ અર્થાત રૂા.૧૨૭૫.૪૦/- પ્રતિ મણના ભાવે ખેડૂતો પાસેથી ૯.૯૮ લાખ મેટ્રીકટન રૂા.૬૩૬૪.૨૪ કરોડ મુલ્યની મગફળી ખરીદ કરવાનું આયોજન છે. ટેકાના ભાવ અંતર્ગત સરકાર ચોક્કસ શરતો સાથે સારી કવોલેટીની જ મગફળી ખરીદશે. વાંકાનેર માર્કેટ યાર્ડના પાછલા ૩ મહિનાના મગફળીના (પ્રતિમણ) જુલાઈમાં ઉંચા ભાવરૂા.૧૪૨૯, સરેરાશ ભાવ૧૩૮૭, ઓગસ્ટમાં ઉંચા ભાવ રૂા.૧૪૫૮, સરેરાશ ભાવ ૧૪૧૯ અને સપ્ટેમ્બરમાં ઉચા ભાવ ૧૪૪૦, સરેરાશ ભાવ ૧૨૯૫ રૂા. છે. જયારે સરકાર રૂા.૧૨૭૫.૪૦/ -પ્રતિ મણના ભાવે ખેડૂતો પાસેથી ચોક્કસ શરતો સાથે સારી કવોલેટીની મગફળી ખરીદવા માંગે છે જે ઉપરોકત હાલના બજાર ભાવથી બીલકુલ સુસંગત નથી. હાલનો બજાર ભાવ ટેકાના ભાવથી ઉંચો હોઈ ખેડૂતો સરકારને ટેકાના ભાવે મગફળી વેચવાને બદલે બજારમાં જ વેચાણ કરશે. ઉપરાંત હાલની વરસાદની પરિસ્થિતિના કારણે મગફળીનું ઉત્પાદન ઓછુ થવાનો અંદાજોછે. જેના કારણે આગામી સમયમાં બજાર ભાવ હજુ પણ વધવાની શકયતા છે. જેથી ટેકાના ભાવે સરકાર દ્વારા મગફળીખરીદીની યોજનાનો કોઈ અર્થ રહેશે નહીં. જે ખેડૂતો સાથે મજાકરૂપ લાગી રહ્યું છે જોસરકાર ખેડૂતોના હિત બાબતે ખરેખર ગંભીર હોઈ તો આ ટેકાના ભાવની પુર્નઃ વિચારણા કરવી જોઈએ, અને બજાર ભાવથી ઉચા ભાવે ખેડૂતો પાસેથી મગફળીખરીદીને તેમને ન્યાય આપવો જોઈએ.

# ભારત સાથેના સંબંધ અમારા માટે મહત્ત્વપૂર્ણ છે : કેનેડાના રક્ષામંત્રી

નવી દિલ્હી, તા.૨૮

ભારત સાથેના સંબંધોને ‘મહત્વપૂર્ણ’ ગણાવતા કેનેડાના રક્ષામંત્રી બિલ બ્લેયરે કહ્યું કે તેમનો દેશ ઈન્ડો-પેસેફિક રણનીતિ જેવી ભાગીદરીઓને આગળ વધારવાનુંચાલુ રાખશે. પરંતુ એક ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યાની તપાસ ચાલુ રહેશે. ખાલિસ્તાની આતંકીહરદીપ સિંહ નિજ્જરની હત્યા મુદ્દે ભારત અને કેનેડાના સંબંધમાં તણાવ વકરી રહ્યો છે. સંબંધોમાં તનાતનીને લઈને કેનેડાના રક્ષામંત્રી બિલ બ્લેયરે મોટું નિવેદન આપતા ભારત સાથેના કેનેડાના સંબંધોને મહત્વપૂર્ણ ગણાવ્યા. તેમણે કહ્યું કે કેનેડા ખાલિસ્તાની સમર્થક આતંકી હરદીપસિંહ નિજ્જરની હત્યાની તપાસ વચ્ચે ભારત સાથે હિન્દ-પ્રશાંત રણનીતિ જેવી ભાગીદારીને આગળ વધારવાનું ચાલુ રાખશે. બ્લેયરે કહ્યું કે અમારી જવાબદારી છે કે અમે કાયદાનું પાલન કરીએ અને અમારા નાગરિકોની રક્ષા કરીએ અને આ સાથે જ એ સુનિશ્ચિત કરીએ કે અમે પૂરી તપાસ કરીએ અને સચ્ચાઈ સુધી પહોંચીએ. તેમણે કહ્યું કે જો આરોપ સાચા સાબિત થાય તો કેનેડાની ધરતી ઉપર એક કેનેડિયન નાગરિકની હત્યા અમારા સાર્વભૌમત્વનો ભંગ હશે અને આ કેનેડા માટે મોટો ચિંતાનો વિષય રહેશે. બ્લેયરે કહ્યું કે ઈન્ડો પેસિફિક રણનીતિ હજુ પણ કેનેડા માટે મહત્વપૂર્ણ છે અને તેનાથી વિસ્તારમાં સૈન્ય ઉપસ્થિતિ વધી છે અને આગળની પેટ્રોલિંગ ક્ષમતાઓ માટે પ્રતિબદ્ધતાઓ વધી છે. આ રણનીતિ તે સૈન્ય પ્રાથમિકતાઓ માટે પાંચવર્ષોમાં ૪૯૨.૯ મિલિયન ડોલરનું યોગદાન આપે છે જે આ વર્ષે લગભગ ૨.૩ બિલિયન ડોલર થઈ ચૂકી છે. અત્રે જણાવવાનું કે ૧૮ જૂનના રોજ ૪૫ વર્ષના ખાલિસ્તાની આતંકી હરદીપસિંહ નિજ્જરની બ્રિટિશ કોલમ્બિયામાં ગોળી મારીને હત્યા કરી નાખવામાં આવી. કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટૂડોએહાલમાં જ એક વિસ્ફોટક આરોપ લગાવતા કહ્યું કે નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટની સંભવિત સંડોવણી સામે આવી છે. ટૂડોના આરોપ બાદ કેનેડા અને ભારત વચ્ચે સંબંધો વણસી ગયા છે. ભારતે ૨૦૨૦માંનિજ્જરને આતંકવાદી જાહેર કર્યો હતો. ભારતે ટૂડોના આરોપોને પાયાવિહોણા અને પ્રેરિત ગણાવીને ફગાવ્યા હતા અને આ મામલે કેનેડા દ્વારા એક ભારતીય અધિકારીને નિષ્કાસિત કરવાના બદલામાં વરિષ્ઠ કેનેડિયન રાજનયિકને નિષ્કાસિત પણ કર્યા. ધ વેસ્ટ બ્લોક ઉપર રવિવારે પ્રસારિત એક ઈન્ટરવ્યુમાં કેનેડિયન રક્ષામંત્રી બ્લેયરે ભારત સાથેના સંબંધો મહત્વપૂર્ણ ગણાવતા કહ્યું કે આરોપોની તપાસ ચાલુ રહે ત્યાં સુધી કેનેડા તે ભાગીદારીઓને ચાલુ રાખશે. ગ્લોબલ ન્યૂઝે તેમના હવાલે કહ્યું કે અમે સમજીએછીએ કે ભારત સાથેના અમારા સંબંધોના મામલે આ એક પડકારજનક મુદ્દો બની શકે છે અને સાબિત થયો છે.

# નોન ટ્રાન્સપોર્ટ વાહનોમાં પેસેન્જર સર્વિસ ચલાવનારા સામે થશે કડક કાર્યવાહી

ગાંધીનગર, તા.૨૮

રાજ્યમાં અને તેમાં પણ અમદાવાદ સહિતના મુખ્ય શહેરોમાં એગ્રેગેટર તરીકે કામગીરી કરતી પ્રાઈવેટ કંપનીઓ જેવી કે, **OLA, UBER, JUGNOO, RAPIDO** વગેરે ઓનલાઈન એપનાં માધ્યમથી પેસેન્જરોને સવારી બુક કરવાની કામગીરી કરે છે. જે ઓનલાઈન એપ્લીકેશનનો ઉપયોગ વાહન ચાલકો તેમજ પેસેન્જરો મુસાફરી દરમ્યાન કરતાં હોય છે. આ કંપનીઓ દ્વારા નોન-ટ્રાન્સપોર્ટ વાહનોની (સફેદ નંબર પ્લેટ) પણ રાઈડ(સવારી) બુક કરતી વખતે ઉપયોગમાં લેવાતાં હોવાનું ધ્યાને આવ્યું છે. જેથી આવા વાહનચાલકો સામે હવે કડક કાર્યવાહી કરવામાં આવશે. રાજ્યમાં સરકારને મળેલી ફરિયાદો અન્વયે અગાઉ આદેશો જારી કરી પ્રતિબંધો લાદેલ છે એટલે કે, નોન-ટ્રાન્સપોર્ટ વાહનોના એગ્રીગેશન ઉપર પ્રતિબંધ કરેલ છે. ત્યારે આવા નોન-ટ્રાન્સપોર્ટ વાહનોના વાહન માલિક દ્વારા એગ્રીગેટર કંપનીઓ સાથે ન જોડાવવા તેમજ મુસાફરો દ્વારા ઓનલાઈન એપનાં માધ્યમથી નોન-ટ્રાન્સપોર્ટ (સફેદ નંબર પ્લેટ) સવારી તરીકે ઉપયોગ ન કરવા સરકાર તરફથી જણાવવામાં આવ્યું છે. તેમજ એગ્રેગેટર તરીકે કામગીરી કરતી પ્રાઈવેટ કંપનીઓ જેવી કે, **OLA, UBER, JUGNOO,RAPIDO** વગેરે કંપનીઓ નોન-ટ્રાન્સપોર્ટ વાહનોનું એગ્રેગેશન કરી શકશે નહી, જો તેમ કરતાં જણાશે તો તેમની સામે નિયમોનુસારની કાર્યવાહી કરવાનું પણ વાહનવ્યવહાર વિભાગ દ્વારા જણાવવામાં આવેલ છે. એટલે કે આવા વાહનો માર્ગો ઉપર પેસેન્જર સર્વિસ કરતા પકડાશે તો હવે કડક કાર્યવાહી કરવાની ચેતવણી પણ વિભાગ તરફથી આપવામાં આવી છે.

# ઈન્ડિયા બ્લોકની એન્કરના બહિષ્કારની સૂચિ પત્રકારના વ્યવસાયને શુદ્ધ બનાવવાની તક છે

નવી દિલ્હી, તા.૨૮

ઈન્ડિયા બ્લોક દ્વારા ૧૪ ‘પત્રકારો’ના નામની યાદી આપવામાં આવી છે જેનો વિરોધ પક્ષ દ્વારા બહિષ્કાર કરવામાં આવશે. પત્રકારત્વના ભવ્ય આદર્શો ધરાવતા લોકો આ સૂચિ અનેતેનાપરિણામો વિશે ચિંતિત છે. રાજદીપ સરદેસાઈએ તેને ‘લોકશાહી માટે અશુભ સંકેત’ ગણાવ્યું છે.તેની ચિંતા કાયદેસર છે, જ્યારે સંસ્થાએ તેમને બે અઠવાડિયા માટે સસ્પેન્ડ કર્યા હતાઅનેખોટા ટ્વિટમાટેતેમનો પગાર બંધ કર્યો હતો અને સરકારની ટીકા કરતા તેમના ટ્વિટ્સ માટે અન્ય કેટલાકને નોકરીમાંથી કાઢી મૂક્યા હતા, ત્યારે શું તેમણે મેનેજમેન્ટને તેવા કિસ્સાઓ દર્શાવ્યા હતા જ્યારે તેમના સાથીદારો દ્વેષ અનેજૂઠાણું ફેલાવતા જોવા મળ્યા હતા ? ખરેખર તો ૨૦૧૪પછી ભાજપે મીડિયાને બદનામ કર્યુ છે. શેખર ગુપ્તા સંપૂર્ણ રીતે આ માન્ય મુદ્દો ઉઠાવે છે કે, આ યાદી છેલ્લી નહીં હોય અને તે એક ખતરનાક દાખલો સ્થાપિત કરી શકે છે. ભારતીયજનતા પાર્ટી(BJP)જે પ્રેસની સ્વતંત્રતા ઉપરના હુમલામાં સૌથી વધુ આગળ છે. કટ્ટરવાદી જમણેરી ટ્રોલ આર્મી, વડાપ્રધાન કાયદેસર ગણે છે જેઓ પત્રકારોનેધમકાવે છે અનેકલંકિત કરે છે. કોંગ્રેસ અથવા તૃણમૂલ કોંગ્રેસ પાસે પ્રેસની સ્વતંત્રતા વિશે કોઈ સારો રેકોર્ડ નથી, પરંતુ ૨૦૧૪ પહેલા કેન્દ્ર સરકાર અથવા ભાજપને કવર કરનાર કોઈપણપત્રકાર જાણે છે કે,અન્ય પક્ષો વર્તમાન ભાજપ કરતા ઘણા વર્ષો પાછળ છે. ભાજપ ઘણા રાજ્યોમાં દાયકાઓથી સત્તામાં છે,પરંતુ ૨૦૧૪થી મીડિયા પ્રત્યે તેનો અભિગમ ધરમૂળથી બદલાઈ ગયો છે. જુલાઈ ૨૦૧૨માં બસ્તરમાં સીઆરપીએફ ગોળીબારમાં ૧૭ આદિવાસીઓની હત્યા પછી તરત જ એક સાપ્તાહિકે લાશો સાથેતત્કાલીન ગૃહપ્રધાનનો ફોટો મૂક્યો અને પૂછ્યું કે, ચિદમ્બરમ્ રાત્રે સારી રીતે કેવી રીતે સૂઈ શકે ? પણ આજે મણિપુર ઘણા મહિનાઓથી સળગી રહ્યું છે, જેમાં મૃત્યુઆંક બસ્તરની ઘટના કરતા અનેકગણો વધુ છે. હવે કેટલા મીડિયા હાઉસ આવી સમાન હેડલાઈન આપી શકશે ? શું વર્તમાન ગૃહમંત્રી મણિપુર ઉપર પ્રેસ કોન્ફરન્સ દરમ્યાન આવું કહી શકે છે ? આ મીડિયા ગૃહોના દ્વેષપૂર્ણ એજન્ડાને ખુલ્લા પાડવાની ફરજ મોટાભાગે નવા ફેક્ટ-ચેકર્સ દ્વારા પૂરી કરવામાં આવે છે. અનુભવીઓ ઘણીવાર મીડિયાને શુદ્ધ કરવાની જરૂરિયાત વ્યક્ત કરે છે. પરંતુ તેઓ નહીં તો આ કોણ કરશે ? આ કોલમ એવી દલીલ કરતી નથી કે જેઓ યાદીનો વિરોધ કરે છે તે બધા કાં તો સરકાર સાથે સંડોવાયેલા છે અથવા તો તેનાથી ડરેલા છે. પરંતુ ભારતીય મીડિયામાં બે વ્યાપક વિભાગો વચ્ચેનું વિભાજન સ્પષ્ટ છે. અન્ય લોકો બંધારણની કલમ ૧૯ હેઠળ પ્રેસની સ્વતંત્રતાને નબળી પાડતા આવા કોઈપણ પ્રતિબંધોને સ્વીકારશે નહીં પણ આ અંગે વધુ જાણવા માટે ફક્ત ૨૦૧૪ પહેલાનો તેમનો પત્રકારત્વ રેકોર્ડ તપાસો. આજે એવું શા માટે છે કે કોલસાના સોદાઓ અને અદાણીથી લઈને ચૂંટણી બોન્ડ્સ અને દ્વેષપૂર્ણ ભાષણો સુધીની કેન્દ્ર સરકારને લગતી મોટાભાગની તપાસ, મર્યાદિત બજેટવાળા ફ્રીલાન્સર્સ અથવા સંગઠનોમાંથી ઉદ્ભવી છે ? તે ભારતીય પત્રકારત્વની કરૂણાંતિકા છે. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી કહે છે કે, મીડિયા અને પ્રકાશન ઉદ્યોગમાં કામ કરતા લગભગ ૮૦% લોકોએ પાંચ વર્ષનાગાળામાં તેમની નોકરી ગુમાવી દીધી છે. આ ઉદ્યોગે સપ્ટેમ્બર ૨૦૧૬માં ૧૦.૩ લાખથી વધુ લોકોને રોજગારી આપી હતી, જે ઓગસ્ટ ૨૦૨૧માંઘટીનેમાત્ર ૨.૩ લાખ રહી હતી. ભારતમાં હવે સરકારને જવાબદાર ઠેરવનારા પત્રકારોની સંખ્યા ઓછી છે. આ યાદી એવા સમયે આવી છે જ્યારે પત્રકારત્વ જોખમમાં મૂકાયું છે કારણ કે, મીડિયા સમુદાયના એક મોટા વર્ગેસત્તા સાથે સમાયોજિત કરવાનું પસંદ કર્યુ છે. અંગત રીતે હું સૂચિને સમર્થન આપતો નથી, પરંતુ તે જે અસાધારણ સંજોગોમાં આવી છે તે સમજવું જોઈએ.

# તમારા બાળકો ChatGPTનો ઉપયોગ કરતાં હોય તો તમારે શું સાવધાની રાખવી જોઈએ ?

તાજેતરના વર્ષોમાં આપણા રોજિંદા જીવનમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના ઉપયોગમાં નોંધપાત્ર વધારો થયો છે. **OpenAI™wt ChatGPT**એમાનવ જેવી ટેક્સ્ટ ચર્ચાઓની ક્ષમતા ધરાવે છે. આ **AI** એક અજાયબી છે. ચેટજીપીટીએ શૈક્ષણિક અનેમનોરંજક સાધન છે પણ તેનો યુવાનો ઉપયોગકરતાં હોય સાથે ત્યારે સાવધાની સાથે તેનો ઉપયોગ કરવો જોઈએ. તેના કારણો આ મુજબ છે. **ChatGPT** ઘણા **AI** લેંગ્વેજ મોડલ્સની જેમ ઈન્ટરનેટ ઉપરથી મોટા પ્રમાણમાં ટેક્સ્ટ દ્વારા પ્રશિક્ષિત છે. તેને સુરક્ષિત રાખવાનો દરેક પ્રયાસ કરવામાં આવ્યો છે, તો પણ શક્ય છે અને એવી શંકા છે કે, તે અયોગ્ય અથવા વાંધાજનક સામગ્રી પેદા કરશે. **ChatGPT**નો ઉપયોગ કરીને તમારા બાળકની ક્રિયાપ્રતિક્રિયાઓ પર દેખરેખ રાખવી અને તે અયોગ્ય માહિતીના સંપર્કમાં ન આવે તેની ખાતરી કરવા માટે મહત્ત્વપૂર્ણ છે. **ChatGPT** સાથે વાતચીત કરતી વખતે બાળકો અજાણતા વ્યક્તિગત માહિતી શેર કરી શકે છે અને સંવેદનશીલ માહિતી પણ તેઓ શેર કરી




શકે છે. ઓપનએઆઈએ વપરાશકર્તાના ડેટાને અનામી અને સુરક્ષિત રાખવા માટે પગલાં લીધાં હોવા છતાં ઓનલાઈન પ્લેટફોર્મના આંતરિક જોખમો હજુ પણ છે. યુવાનોને ગોપનીયતાના મૂલ્ય અને માહિતીના પ્રકારો વિશે શિક્ષિત કરવું મહત્ત્વપૂર્ણ છે. **ChatGPT**ના પ્રતિભાવો તે ડેટા ઉપર આધારિત છે કે, જે અંગે તેને તાલીમ આપવામાં આવી છે, જેમાં કટ-ઓફ પોઈન્ટનો સમાવેશ થાય છે અને તે હંમેશા સૌથી અપ-ટૂ-ડેટ અથવા સાચી માહિતીને પ્રતિબિંબિત કરી શકતું નથી. એવું જોખમ પણ છે કે, યુવાનોને અપ્રચલિત અથવા ભૂલભરેલી માહિતી પણ મળી શકે છે જે તેઓને ખોટી માન્યતાઓ તરફ દોરી શકે છે અથવા ચોક્કસ થીમ્સની ખામીયુક્ત સમજણ આપી શકે છે. **AI** સાથે વારંવાર જોડાવાથી સંદેશાવ્યવહારના અવયવીકરણમાં પરિણમી શકે છે. જો બાળકો મનુષ્યોને બદલે સાધનો વડે વાતચીત કરવા ટેવાયેલા હોય, તો તેઓ મહત્ત્વપૂર્ણ આંતરવ્યક્તિત્વ કૌશલ્યો વિકસાવી શકતા નથી. **ChatGPT**ની સગવડતા અને ઝડપી જવાબો અથવા ઉકેલો માટે **AI** પર નિર્ભરતાને પ્રોત્સાહન આપી શકે છે, જે બાળકોના નિર્ણાયક વિચારસરણી અને સમસ્યા હલ કરવાની કુશળતાના વિકાસને અવરોધે છે.

**નૈતિક મુદ્દાઓ :-** એઆઈએ નૈતિક મુશ્કેલીઓ ઊભી કરી શકે છે અથવા બાળકો તેના લીધે ગભરાઈ શકે છે. તેઓ માનવ અને છેંજનરેટેડ પ્રતિભાવો વચ્ચે તફાવત કરવા માટે સંઘર્ષ કરી શકે છે, જેના પરિણામે નૈતિક સમસ્યાઓ વિશે તેઓને ગેરસમજણ થાય છે. તેના અત્યાધુનિક પ્રોગ્રામિંગહોવા છતાં **ChatGPT**માં વ્યક્તિગત સંપર્કનો અભાવ છે. તે લાગણીઓને સમજવા અથવા પ્રક્રિયા કરવામાં અસમર્થ છે, જે બાળકોના સંચાર અને સહાનુભૂતિના વિકાસનું મહત્ત્વનું તત્ત્વ છે.

**મેનેજિંગ અપેક્ષાઓ :-** બાળકોએ કૃત્રિમ બુદ્ધિમત્તાની મર્યાદાઓને સમજવી જોઈએ. **ChatGPT** જ્ઞાન અથવા સહાય પ્રદાન કરી શકે છે પણ તે માનવ ક્રિયાપ્રતિક્રિયા અથવા ભાવનાત્મક સમર્થનને બદલી શકતું નથી.

**માર્ગદર્શિત ક્રિયાપ્રતિક્રિયા :-** માતા-પિતા માર્ગદર્શિત ક્રિયાપ્રતિક્રિયાની વ્યૂહરચના પસંદ કરી શકે છે, જેમાં તેઓ સુરક્ષિત અને માહિતીપ્રદ અનુભવની ખાતરી આપતા **ChatGPT** સાથે તેમના બાળકની ચેટમાં ભાગ લે છે અથવા તેનું નિરીક્ષણ કરે છે. સારાંશ એ છે કે, **ChatGPT** અને તુલનાત્મક **AI** ટેક્નોલોજીઓ શીખવાની અને શોધની આકર્ષક સંભાવના પૂરી પાડે છે, ત્યારે આ સાધનોના ઉપયોગ અંગે સાવધાની રાખવી જોઈએ અને બાળકોના તેના ઉપયોગ પર નજર રાખવી જોઈએ. આમ કરવાથી માતા-પિતા એ સુનિશ્ચિત કરી શકે છે કે, તેમના બાળકોને **AI** સંલગ્નતાનો લાભ મળે અને આવી ટેક્નોલોજીના અનિયંત્રિત ઉપયોગ સાથે સંકળાયેલા જોખમોને ટાળી શકાય. જવાબદારીપૂર્વક અને નૈતિક રીતે **AI**નો ઉપયોગ એ શિક્ષણ સાથે સંતુલિત રીતે તેના ઉપયોગ અને દેખરેખ હેઠળ બાળકો તેનો વપરાશ કરે એવી કાળજી રાખવી મહત્ત્વપૂર્ણ છે.

# ભારતમાં લેપટોપ આયાત પ્રતિબંધોની ડેડલાઈનને આગળ વધારાઈ શકે છે

નવી દિલ્હી તા.૨૮

ભારતમાં લેપટોપની આયાત કરવા ઉપર પ્રતિબંધ મૂકવાની ડેડલાઈનને આગળ ધપાવવામાં આવી શકે છે. તેનું કારણ એ સામે આવ્યું છે કે નવી નીતિઓને ટૂંક સમયમાં લાગુ કરવી અઘરૂં પડી શકે છે એટલા માટે સરકાર તેના નિર્ણય ઉપર પીછેહઠ કરી શકે છે. અગાઉ આ મામલે ડેડલાઈન ૧ નવેમ્બર નક્કી કરવામાં આવી હતી. જે તમામ બ્રાન્ડ્સ માટે પર્યાપ્ત નહોતી સાબિત થઈ. જોકે હવે નવી ડેડલાઈન અંગે કોઈ ચોક્કસ ખુલાસો થયો નથી પરંતુ શરતોમાં ફેરફાર કરાયો છે કે જેથી એપલ, સેમસંગ, ડેલ જેવી બ્રાન્ડ્સ તેમની પ્રોડક્ટ્સનું શિપિંગ ચાલુ રાખી શકે અને સંભવિત માગને પહોંચી વળી શકે. થોડા અઠવાડિયા પહેલા, ભારત સરકારે લેપટોપ, ટેબલેટ અને અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણોની આયાત ઉપર પ્રતિબંધ મૂક્યો હતો. આ નવા નિયમો ૧ નવેમ્બર, ૨૦૨૩થી અમલમાં આવવાના હતા. આ નિયંત્રણો પાછળનો વિચાર ભારતમાં સ્થાનિક સ્તરે ઈલેક્ટ્રોનિક ઉપકરણોનું ઉત્પાદન કરવા માટે બ્રાન્ડ્સને પ્રોત્સાહિત કરવાનો હતો. જો કે, એવું લાગે છે કે ભારત સરકાર લેપટોપ અને ટેબલેટ ઉપરનો આયાત પ્રતિબંધ હટાવે તેવી શક્યતા છે. તેના બદલે, ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય (**MeitY**) ભારતમાં ૨૦૩૦ સુધીમાં ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનને મહત્તમ કરવા માટે નવી નીતિઓ ઉપર ચર્ચા કરી રહ્યું છે. ભારત સરકારે લેપટોપ, ટેબ્લેટ અને અન્ય ઈલેક્ટ્રોનિક્સ પર આયાત પ્રતિબંધ લાગુ કરવા માટે ૧ નવેમ્બર, ૨૦૨૩ની અંતિમ તારીખ નક્કી કરી હતી. તે સમયે, વ્યવસાયોને આયાત લાયસન્સની જરૂરહતી, જે તેમનેશિપમેન્ટ દીઠ મહત્તમ ૨૦ એકમો આયાત કરવાની મંજૂરી આપશે. **HP, Dell, ASUS, Acer** અને ભારતમાં અન્ય મોટા લેપટોપ બિઝનેસ જેવી બ્રાન્ડ્સે ટૂંકી સમયમર્યાદાને કારણે નવા પ્રતિબંધો અંગે ચિંતા વ્યક્ત કરી છે. કંપનીઓ દેશમાં લેપટોપનું સ્થાનિક ઉત્પાદન શરૂ કરવા માટે તૈયાર હતી, પરંતુ તેના માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવામાં સરકાર દ્વારા જારી કરાયેલ બે મહિનાની નોટિસ કરતાં વધુ સમય લાગશે. અહેવાલ અનુસાર, ભારત સરકાર **HSN 8741** કેટેગરી હેઠળ લેપટોપ, ટેબલેટ અને અન્ય તમામ સામાનની આયાત ઉપરનો પ્રતિબંધ રદ કરી શકે છે.

# જાહેર રજાઓને ધ્યાનમાં રાખીને સ્ટેચ્યુ ઓફ યુનિટી સોમવારે પણ ખુલ્લો રહેશે

ગાંધીનગર, તા.૨૮

હવે પ્રવાસીઓ જાહેર રજાના દિવસેપણ સ્ટેચ્યુ ઓફ યુનિટીનો નજારો માણી શકશે. કારણ કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી સોમવારના દિવસે આવતા ગાંધી જયંતિ, ગુરૂનાનક જયંતિ અને નાતાલના દિવસે પ્રવાસીઓ માટે ચાલુ રાખવા નિર્ણય લેવાયો છે. તેથી જો રજાના દિવસે સ્ટેચ્યુ ઓફ યુનિટી ફરવા જવાનો પ્લાન બનાવતા હોવ તો ચોક્કસ બનાવજો. નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે આવેલી વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રવાસીઓ માટે દર સોમવારે બંધ રાખવામાં આવે છે. આગામી દિવસોમાં સોમવારના દિવસે આવતી જાહેર રજાઓમાં તા.૨ ઓકટોબર ગાંધી જયંતિ, તા.૨૭ નવેમ્બર ગુરુનાનક જયંતિ અને તા. ૨૫ ડિસેમ્બર નાતાલનો સમાવેશ થાય છે. પ્રવાસીઓ બહોળી સંખ્યામાં જાહેર રજાના દિવસેએકતાનગર ખાતે આવેલા સ્ટેચ્યુ ઓફ યુનિટી તથા અન્ય પ્રવાસન સ્થળોની મુલાકાત લઈ શકે તે હેતુથી આ ત્રણ જાહેર રજાના દિવસે સોમવારના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રવાસીઓ માટે ચાલુ રાખવાનો નિર્ણય સત્તાધીશો દ્વારા કરવામાં આવ્યો હોવાનુ સ્ટેચ્યુ ઓફ યુનિટીના અધિક કલેકટર ગોપાલ બામણીયાએ જણાવ્યુ હતું. પ્રવાસીઓ આ જાહેર રજાના દિવસોમા ઓનલાઈન બુકિંગ કરાવી શકશે અને એકતાનગર ખાતે આવેલા સ્ટેચ્યુ ઓફ યુનિટી તથા અન્ય પ્રવાસન સ્થળોની મુલાકાત લઈ શકશે.વધુમાં એ તારીખપછીના આવતા મંગળવાર એટલે કે તા.૩ ઓકટોબર, તા.૨૮ નવેમ્બર અને તા. ૨૬ ડિસેમ્બરના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રવાસીઓ માટે બંધ રાખવામાંઆવશેજેની સૌએનોંધ લેવા પણ જણાવવામાં આવ્યુ છે.

# તબીબી સારવારમાં ડોકટરની બેદરકારી ગણી શકાય નહીં : ગ્રાહક ફોરમ કોર્ટ

જૂનાગઢતા.૨૮

તબીબી સારવાર ઓપરેશન વગેરે માટે દર્દીઓ તથા તેના સગા જે તે હોસ્પીટલમાં ડોકટર પાસે જતા હોય છે અને ડોકટરને ભગવાન સમજી સારવાર કરાવતા હોય છે અને ડોકટરો પણ દિવસ રાત જોયા વિના દર્દીને વહેલી તકે સારૂ થઈ જાય તે માટે અથાગ પ્રયત્નો કરતા હોય છે. તેમજ ડોકરના અથાગ પ્રયત્નો પછી પણ કોઈ દર્દીને સારૂ ન થાય તો દર્દી તથા તેના સગાઓ દ્વારા ડોકટર ઉપર આક્ષેપો કરી ધાક-ધમકી આપી નાણાકીય લાભ લેતા હોયછે અને ફોજદારી કેસકે ગ્રાહક સુરક્ષામાં કેસો દાખલ કરતા હોય છે.

આવો જ એક બનાવ ઓર્થોપેડીક સર્જન ડો.એમ.એમ. દોલકીયાના કેસમાં બનેલો. વાહન અકસ્માતમાં ઈજા થતા દર્દી સલીમભાઈ હોસ્પીટલમાં દાખલ થયેલ તેના ડાબા હાથમાં ફેકચર થયેલ હોય તેના તમામ ઈન્વેસ્ટીગેશન કરી ઓપરેશન કરી બે સળીયા ફીટ કરવામાં આવેલ અને રજા આપી ફરી બતાવવા આવવા જણાવેલ તેમજ તેને શું શું કાળજી રાખવી તે અંગેની સમજણ આપેલ હતી.

તબીબી વિજ્ઞાનમાં ઓપરેશન પછી શું કાળજી રાખવી અને ઓપરેશન કરવા છતા પણ અમુક પ્રકારની તકલીફ રહે તેવી જોગવાઈ છે જેને બુક કોમ્પ્લીકેશન કહેવામાં આવે છે. આ દર્દીને પણ હાથમાં સળીયા ફીટ કરેલ જે પૈકી એક સળીયો બહાર આવતો હોય તે સળીયો બહાર કાઢવામાં આવેલ હતો.

આ દર્દીએ ડો. દોલકીયા સામે રૂા.૧૧,૪૦,૦૦૦/– સેવાખામી સબબ વળતર મળવા ગ્રાહક સુરક્ષા કોર્ટમાં કેસ નં. ૪૧/૨૩ દાખલ કરેલ હતો. આ કેસમાં ડો.દોલકીયાએ તેમના એડવોકેટ તેજસ ડી. પરમાર (રવીભાઈ) મારફત વિગતવાર જવાબ વગેરે રજુ કરી એવી રજુઆત કરેલ કે દર્દીએ પુરતી કાળજી રાખેલ નથી. હાથના ઓપરેશન પછી આંતરડાનું ઓપરેશન કરાવેલ તથા પુરતી કાળજી લીધેલ ન હોય બુક કોમ્પ્લીકેશન મુજબ સળીયો કાઢવો પડયો હોય તો તેમાં ઓપરેશનસમયે ડો. દોલીયાની જવાબદારી ગણાય નહીં તેવી રજુઆત સાથે જુદા-જુદા ચુકાદાઓ નામદાર સુપ્રીમ કોર્ટના કેસના રજુ કરેલ અને ડોકટરની જવાબદારી બાબતે કોઈ એકસપર્ટ ઓપીનીયન રજુ કરેલ નથી ડોકટરે ઓપરેશન કરવામાં કોઈ સેવાખામી દાખવેલ નથી જે કાયદાકીય ચુકાદાઓ તથા દલીલો સાંભળી નામદાર ગ્રાહક સુરક્ષા કોર્ટના પ્રમુખ જજ એ.એમ.પરમારએ સીમા ચીન્હ ચુકાદો આપતા ડો. દોલકીયાની કોઈ સેવાખામી સાબીત થતી નથી તેમ ઠરાવી ફરીયાદ રદ કરેલ છે. આ કેસમાં ડોકટર દોલકીયાને કાનુની માર્ગદર્શન સીનીયર એડવોકેટ પી.ડી. ગઢવી તથા ડો.ડી.જી. મોદીએ પુરૂં પાડેલ હતું.

# કુકસવાડા પીએચસીનાં વેક્સીનેટર સુપરવાઈઝર એચ.વી. વ્યાસને નિવૃત્તિ વિદાયમાન

## વિદાય સમારંભમાં કહીં ખુશી કહીં ગમનો માહોલ જોવા મળ્યો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

પીએચસી કુકસવાડા ખાતે વેક્સીનેટર સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા એચ.વી.વ્યાસ વયમર્યાદાના કારણે પોતાની સેવામાંથી તા.૩૧-૮-૨૦૨૩ના રોજ નિવૃત્ત થતા પ્રા.આ. કેન્દ્ર - કુકસવાડા ખાતે તેમનો વિદાય સમારંભ યોજાયો હતો. આ ઊપરાંત શશિકુંજ-જૂનાગઢ ખાતે જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા વ્યાસનું સન્માન ઈએમઓ લાખાણીની અધ્યક્ષતામાં સાલ ઓઢાડી તેમજ પુષ્પગુચ્છ આપી સન્માન કરાયું હતું અને તેઓની કામગીરીની પ્રસંશા કરી શુભેચ્છા પાઠવી હતી. કુકસવાડા ખાતે આયોજીત વિદાય સમારંભમાં માળિયા બ્લોક હેલ્થ કચેરીના વડા ડો. આભા, મિતેષભાઈ કછોટ, રાજુભાઈ ભાલીયા તથા બ્લોક હેલ્થ કચેરીનો સ્ટાફ, ચોરવાડ સીએચસી તેમજ મેડિકલ ઓફિસર જાદવ અને દરેક ફાઈલેરિયા વર્કર, સ્ટાફ નર્સ સહિતના તમામ કર્મચારી ભાઈઓ, બહેનોએ ઉપસ્થિત રહીને એચ.વી.વ્યાસની યશસ્વી કારકિર્દીના વખાણ કર્યા અને અનેક ભેટ સોગાતો સહિત નિવૃતિ જીવન સુખમય પસાર થાય તેવી શુભેચ્છાઓ આપી હતી. કોઈ તેમને ભેટીને રડ્યું તો કોઈએ વ્યાસને આરોગ્ય વિભાગના ભીષ્મપિતામહ ગણાવ્યા હતા. રાજુભાઈ સોલંકી, મિતેશભાઈ કછોટ, અમરીશભાઈ પરમાર તેમજ જૂનાગઢ આરોગ્ય વિભાગમાંથી યજ્ઞેશભાઈ વ્યાસ, અઘેરાભાઈ અને જે.પી.આહ્યાની વાણીએ બધાના દિલ જીતી લીધા હતા.

# જામનગર : સમસ્ત બ્રહ્મસમાજના ખેલૈયાઓ માટે રમઝટ નવરાત્રી મહોત્સવ ૨૦૨૩નું આયોજન

જામનગર, તા.૨૮

માં જગદંબાની આરાધના કરવાનું પર્વ એટલે આસો નવરાત્રી જામનગરમાં શ્રી સમસ્ત બ્રહ્મસમાજના ખેલૈયાઓ માટે શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેવા ટ્રસ્ટ જામનગર તથા રાષ્ટ્રીય પરશુરામ સેના દ્વારા રમઝટ નવરાત્રી મહોત્સવ ૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું છે.

રમઝટ નવરાત્રી મહોત્સવમાં રમવા માટેના પાસ મેળવવાના ફોર્મ વહેલા તે પહેલાના ધોરણે મેળવી લેવા.ફોર્મ મેળવવા માટે (૧) શ્રી દયાશંકર બ્રહ્મપુરી, કાશી વિશ્વનાથ રોડ જામનગર (સમય સાંજે ૬ થી ૮ ) (૨) નીશાબેન અશ્વાર, ૩૦૧ લક્ષ્મી એપાર્ટમેન્ટ,જોગર્સ પાર્ક, જામનગર (૩) માહી બ્યુટી પાર્લર,પટેલ પાર્ક પાસે,મયુર ગ્રીન્સ રોડ જામનગર (૪) કનૈયા દાંડીયા ક્લાસ,જમનાવાડી ૯ પટેલ કોલોની, શ્રીમાળી બ્રાહ્મણ જ્ઞાતિની વાડી,પંચેશ્વર ટાવર જામનગર (૫) માધવ દાંડીયા ક્લાસ,લોહાણા મહાજન વાડી, પંચેશ્વર ટાવર જામનગર (૬) સ્ટેપ એન્ડ સ્ટાઈલ દાંડીયા એકેડમી,બહુચરાજી માતાજીની વાડી, પંચેશ્વર ટાવર જામનગર (૭) ઠાકર બુક સ્ટોર,આશાપુરા માતાજીના મંદિર સામે દરબારગઢ,જામનગર (૮) નવરંગ સાયકલ સ્ટોર, મેહુલનગર ૧૫૦ ફૂટ રોડ જામનગર (૯) રૂદ્ર દાંડીયા એકેડમી, શ્રી દયાશંકર બ્રહ્મપુરી, કેવી રોડ જામનગર (૧૦) ક્રીએશન ડાન્સ એકેડમી, રાજ ચેમ્બર ખોડિયાર કોલોની(૧૧) આશાબેન જોશી -ગુલાબનગર (૧૨) અવનીબેન ત્રિવેદી, વાલકેશ્વરી નગરી (૧૩) બ્યુટી વર્લ્ડ, દ્વારકાપુરી રોડ, ખંભાળિયા ગેઈટ બહાર (૧૪) પ્રકાશભાઈ શુકલા, માતૃઆશિષ, સી - ૮, ગાંધીનગર સાઈબાબા મંદિર રોડ જામનગર (૧૫)રુદ્રાક્ષ ગીફ્ટ,શોપ નંબર ૦૧, નક્ષત્ર રેસીડેન્સી, મહિલા કોલેજ રોડ જામનગર. ઉપર જણાવેલ એડ્રેસ પરથી વહેલા તે પહેલાના ધોરણે સમસ્ત બ્રહ્મસમાજના ખેલૈયાઓએ સિઝન પાસ માટેના ફોર્મ મેળવી લેવા શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેવા ટ્રસ્ટ જામનગર અને રાષ્ટ્રીય પરશુરામ સેનાએ યાદીમાં જણાવ્યું છે. વધુ માહિતી માટે નીચે દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર ૯૮૨૪૧૭૪૬૨૬, ૯૯૨૫૨૦૭૭૮૭નો સંપર્ક સાધવા જણાવેલ છે.

# શ્રીલંકા પર્યટનનું આકર્ષક સૌંદર્ય તમને ફરીથી અહીં ખેંચી લાવશે

(પ્રતિનિધિદ્વારા)

અમદાવાદ, ૨૮

શ્રીલંકા વિશ્વના સૌથી આકર્ષક પર્યટક સ્થળો પૈકીનું એક છે. શ્રીલંકા ટુરિઝમ દેશના આ વિશાળ ટ્રાવેલ માર્કેટને આંતરરાષ્ટ્રીય મંચ ઉપલબ્ધ બનાવે છે. ભારતમાંથી આવતા પર્યટકોને આકર્ષવાના પોતાના પ્રયાસોને વ્યાપક પ્રોત્સાહન આપવા માટે શ્રીલંકા ટૂરિઝમ દ્વારા અમદાવાદ, કોલકાતા અને પૂણે જેવા અગ્રણી શહેરોમાં શ્રીલંકા ટૂરિઝમ રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે.

૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ આયોજિત કોલકાતા રોડ શો પછી આજે તાજ સ્કાયલાઈન, અમદાવાદમાં અમદાવાદ રોડ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂણે રોડ શો ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ યોજાશે. આ પ્રસંગે શ્રીલંકાના ટુરિઝમ પ્રમોશન બ્યુરોના બોર્ડ મેમ્બર શ્રી નલિન પેરેરા અને શ્રીલંકા ટૂરિઝમ ડેવલપમેન્ટ ઓથોરિટીના ડાયરેક્ટર જનરલ તથા શ્રીલંકા કન્વેન્શન બ્યૂરોના ચેરમેન શ્રી થિસુમ જયસુરિયાએ સંબોધન કર્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન શ્રીલંકા ટૂરિઝમે તેના ટોચના પ્રવાસન આકર્ષણોનું પ્રદર્શન કર્યું હતું, જેમાં ૩૬ શ્રીલંકન ટ્રાવેલ એન્ડ ટૂરિઝમ કંપનીઓએ ભાગ લીધો હતો અને આશરે ૨૦૦ ઈન્ડિયન ટૂર ઓપરેટર્સમાં ટ્રાવેલ એજન્ટ્સ, એમઆઈસીઈ, હોટેલ્સ, કોર્પોરેટ્સ વગેરેનો સમાવેશ થતો હતો. શ્રીલંકાના પ્રતિનિધિમંડળે પ્રવાસ અને પર્યટન ઉદ્યોગની ટોચની કંપનીઓ સાથે બેઠક યોજી હતી, જેમાં ભારતના પ્રવાસીઓ માટે મુસાફરીની તકો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

સામાન્ય પર્યટકથી લઈને વૈભવી પ્રવાસ ખેડનારા લોકોથી લઈને વણખેડાયેલા સ્થળોની ખોજમાં નિકળતા એડવેન્ચર ટુરિસ્ટ હોય આ તમામ લોકોને આકર્ષિત કરવા માટે શ્રીલંકા ટૂરિઝમ ટુરિઝમ પ્રોડક્ટ્સ અને ઈવન્ટ્સના વ્યાપને વિસ્તૃત કરવા માટે કટિબદ્ધ છે.

શ્રી નલિન પરેરા અને શ્રી થિસુમ જયસુરિયાએ જણાવ્યું હતું કે "તાજેતરના પ્રવાસીઓના ધસારાના વર્ષોમાં દેશના પર્યટન ઉદ્યોગમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. આ વર્ષે શ્રીલંકાને 'એશિયામાં શ્રેષ્ઠ એડવેન્ચર ડેસ્ટિનેશન' અને લોનલી પ્લેનેટ દ્વારા 'શ્રેષ્ઠ અપ-એન્ડ-કમિંગ ટ્રાવેલ ડેસ્ટિનેશન' જાહેર કરવામાં આવ્યું હતું. શ્રીલંકા ટૂરિઝમ વર્ષના અંત સુધીમાં નવી ઊંચાઈઓ સર કરવા માટે સજ્જ છે. ઓગસ્ટ ૨૦૨૩ સુધીમાં દેશમાં ભારતમાંથી ૧,૭૦,૨૪૭ પર્યટકો આવ્યા છે. શ્રીલંકામાં ભારતમાંથી વિક્રમી સંખ્યામાં પ્રવાસીઓની સંખ્યા વર્ષ ૨૦૧૮માં સૌથી વધુ હતી, જે દરમિયાન ૪,૨૪,૮૮૭ પર્યટકોએ શ્રીલંકાનો પ્રવાસ ખેડ્યો હતો. રોડ શોમાં રેફલ ડ્રોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુલાકાતીઓને ભેટ સ્વરૂપે શ્રીલંકાની ટુર, હોટેલ્સ વગેરેની ઓફર અપાઈ હતી.

શ્રીલંકા ટૂરિઝમ પર્યટકોને શ્રેષ્ઠ અનુભવનું વચન આપે છે અને ભારતીય પ્રવાસીઓ અને રોકાણકારોને ખાતરી આપે છે કે દેશ વ્યવસાય માટે ખુલ્લો છે અને આનંદ-પ્રમોદ અને વ્યવસાય માટે દેશની મુલાકાત લેનારા તમામ લોકોની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ શક્ય પગલાં લેવામાં આવ્યા છે.

## રાજ્યમાં ૧૬ થી ૧૮ સપ્ટેમ્બર દરમિયાન થયેલ ભારે વરસાદના પગલે

# અસરગ્રસ્ત વિસ્તારના વેપાર, વાણિજ્ય અને આર્થિક પ્રવૃતિ સંકળાયેલ એકમોને પણ રાજ્ય સરકાર દ્વારા સહાય અપાશે : પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ

ગાંધીનગરતા.૨૮

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, રાજ્યમાં ૧૬ થી ૧૮ સપ્ટેમ્બર દરમિયાન ભરૂચ, નર્મદા અને વડોદરા જિલ્લામાં થયેલ ભારે વરસાદના પગલે અસરગ્રસ્ત વિસ્તારમાં વેપાર, વાણિજ્ય અને આર્થિક પ્રવૃતિના એકમોને રાજ્ય સરકાર દ્વારા સહાય આપવાનુ રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં નાના અને મધ્યમ વેપારીઓ પ્રત્યે ઉદાર વલણ રાખીને રાજ્ય સરકારે આ સહાય આપવાનું નક્કી કર્યું હોવાનું મંત્રીએ જણાવ્યું હતુ.

મંત્રીએ વધુમાં ઉમેર્યું કે, લારી, રેકડી, નાની સ્થાયી કેબીન, મોટી કેબીન, નાની અને મધ્યમ કક્ષાની પાકી દુકાન, મોટી દુકાન, નાની અને મધ્યમ કક્ષાની પાકી દુકાન એટલે કે જે દુકાનનું પાકુ બાંધકામવાળુ સ્થાયી માળખુ ધરાવતા હોય તેવા અસરગ્રસ્ત લોકોને રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવશે જે ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે તેમ તેમણે ઉમેર્યુ હતુ. વધુમાં મંત્રીએ કહ્યું કે, અસરગ્રસ્ત વિસ્તારોમાં મધ્યમ અને મોટા વ્યપાર સાથે સંકળાયેલા લોકોને જે નુકશાન થયું હોય તે પ્રત્યે પણ ઉદાર વલણ દાખવીને રાજ્ય સરકારે બેંક લોન માટે વ્યાજની સબસિડીની સહાય આપવાનું નક્કી કર્યું છે. મંત્રીશ્રીએ ભારે વરસાદની પ્રવર્તમાન પરિસ્થિતિથી અસરગ્રસ્ત નવ જિલ્લાઓ નર્મદા, ભરૂચ, વડોદરા, દાહોદ, પંચમહાલ,આણંદ, અરવલ્લી , બનાસકાંઠા, મહિસાગર જિલાલામાં આજદિન સુધીમાં અતિવૃષ્ટિને કારણે રાજ્યમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં રૂ. ૭૭ લાખ ૪૫ હજારથી વધુ રકમની અસરગ્રસ્તોને કેશડોલ્સની ચુકવણી કરાઈ છે. રાજ્યમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં વરસાદથી નુકશાન પામેલ ઘરવખરી માટે રૂ. ૪ કરોડ ૯૬ લાખ ૭૭ હજારથી વધુ રકમની ચુકવણી કરવામાં આવી હોવાનું મંત્રીએ કહ્યું હતુ.

# કોડીનાર : શિંગોડા સિંચાઈ યોજનામાં રૂા.૯.૩૧ કરોડનું કામ મંજુર કરાયું



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨૮

કોડીનારના ધારાસભ્ય ડો.પ્રદ્યુમનભાઈ વાજા, મુખ્ય આગેવાનો, ખેડૂત ખાતેદારોની રજૂઆતને ધ્યાને લઈ શિંગોડા સિંચાઈ યોજનામાં ૯.૩૧ કરોડનું કેનાલ લાઈનિંગ અને બાકી રહેલ કેનાલ લંબાવવાનું કામ સિંચાઈ વિભાગ દ્વારા મંજૂર કરવામાં આવ્યું છે.

શિંગોડા સિંચાઈ યોજના ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકાના જામવાળા ગામ પાસે શિંગોડા નદી ઉપર આવેલ છે. ડેમના નીચવાસમાં ઘાટવડથી ડાબા કાંઠાની અને જમણા કાંઠાની કેનાલો દ્વારા કોડીનાર તાલુકાના અંદાજે ૧૬ ગામોને સિંચાઈનો લાભ મળે છે.શિંગોડા ડેમની મેઈન કેનાલની લંબાઈ ૨૨૫૭ મીટર છે. આ મેઈન કેનાલમાં ૪૦ વર્ષ જૂનું બ્લોક લાઈનિંગ કરવામાં આવેલ હતું તે ખૂબ જ જર્જરી હાલતમાં હોય તેને ડીસમેન્ટલ કરી નવેસરથી લાઈનિંગ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.તેમજ મેઈન કેનાલ ઉપર આવેલા પાંચ સીટી ક્રોસિંગને પણ રીપેરીંગ કરવામાં આવશે. મેઈન કેનાલમાંથી નીકળતી કેનાલ બી.ઈ ડિસ્ટ્રીબ્યુટરી નવું લાઈનિંગ તેમજ તેમાં બાકી રહેલ કેનાલના કમાંડ વિસ્તારમાં આવતા ખેડૂતો દ્વારા કેનાલ લંબાવવાની રજૂઆતને ધ્યાને લઈ બાકી રહેલી માઈનોર ૩ તથા સી.એફ. ડીસ્ટ્રીબ્યુટરીમાંથી નીકળતી માઈનોર ચારને લંબાવવાનું પણ આયોજન કરવામાં આવેલ છે. સદરહું આયોજન હેઠળ કેનાલ ફોલ કેનાલ સાઈફોન સીટી ક્રોસિંગ જેવા જરૂરિયાત મુજબના તમામ સ્ટ્રકચરોનો સમાવેશ કરવામાં



આવેલ છે. ગીર સોમનાથ જિલ્લાના કાર્યપાલક ઈજનેર એ.પી.કલસરિયા, ના.કા.ઈ. યુ.વી. રાખસિયા તથા મદદનીશ ઈજનેર વી.વી રાઠોડના જણાવ્યા મુજબ આ અંદાજપત્ર મંજૂર થઈ ગયેલ હોય જરૂરી ટેન્ડર પ્રકિયા બાદ કામગીરી ચાલુ કરવામાં આવશે અને આ કામગીરી સત્વરે પૂર્ણ કરવામાં આવશે. આ કામ પૂર્ણ થતા ખેડૂતોને રવિ સીઝન અને ઉનાળુ સિઝનમાં સિંચાઈનું પાણી મળશે અને હયાત સિંચાઈ શક્તિમાં પણ વધારો થશે તેવું જણાવેલ.





યાત્રાધામ દ્વારકામાં શ્રી દ્વારકાધીશજીના પરમ ભકત આશાબેન ડાહ્યાલાલ પુજારી દ્વારા શ્રીજીને ચાંદીની છત્રી, ચાંદીનું કમંડલ, ચાંદીની ચોપાટ વગેરે મળી અંદાજે ૨૫૦૦ ગ્રામ ચાંદી અર્પણ કરવામાં આવી છે. (તસ્વીર : રાકેશ સામાણી, દ્વારકા)

# ઉનાની મહિલા આર્ટસ કોલેજ ખો-ખો સ્પર્ધામાં ચેમ્પીયન



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૨૮

ઉના તાલુકા કેળવણી મંડળ સંચાલિત મહિલા આર્ટસ કોલેજ ઉના, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિ.આંતર કોલેજ મહિલા ખો-ખો સ્પર્ધા જૂનાગઢ ખાતે યોજાઈ હતી. વિવિધ કોલેજોએ તેમાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં મહિલા આર્ટસ કોલેજ ઉના ચેમ્પિયન બનીને ઉના શહેર અને કોલેજનું ગૌરવ વધાર્યું છે. કોલેજની આ ખેલાડી દિકરીઓની સિદ્ધિ બદલ ટ્રસ્ટના પ્રમુખ જીતેન્દ્ર ભાઈ શેઠ, ટ્રસ્ટી ગણ તેમજ પ્રિન્સિપાલ ડો.લલિત બારૈયા તથા કોલેજ પરિવારે ખૂબ ખૂબ અભિનંદન પાઠવેલ છે.

# કયુ શ્રાધ્ધ કયારે કરવું?

| તારીખ | વાર | તિથી | શ્રાધ્ધ |
|---|---|---|---|
| ૨૯/૯/૨૩ | શુક્રવાર | ભાદરવા સુદ-૧૫ | એકમ |
| ૩૦/૯/૨૩ | શનિવાર | ભાદરવા વદ-૧ | બીજનું શ્રાધ્ધ |
| ૧/૧૦/૨૩ | રવિવાર | ભાદરવા વદ -૨ | ત્રીજનું શ્રાધ્ધ |
| ૨/૧૦/૨૩ | સોમવાર | ભાદરવા વદ-૩ | ચોથનું શ્રાધ્ધ, ભરણી શ્રાધ્ધ |
| ૩/૧૦/૨૩ | મંગળવાર | ભાદરવા વદ -૫ | પાંચમનું શ્રાધ્ધ, ફલકા શ્રાધ્ધ |
| ૪/૧૦/૨૩ | બુધવાર | ભાદરવા વદ-૬ | છઠ્ઠનું શ્રાધ્ધ |
| ૫/૧૦/૨૩ | ગુરૂવાર | ભાદરવા વદ-૭ | સાતમનું શ્રાધ્ધ |
| ૬/૧૦/૨૩ | શુક્રવાર | ભાદરવા વદ-૭ | આઠમનું શ્રાધ્ધ |
| ૭/૧૦/૨૩ | શનિવાર | ભાદરવા વદ-૮ | નોમનું શ્રાધ્ધ, સૌભાગ્યવતીનું શ્રાધ્ધ, અવિધવા નોમ |
| ૮/૧૦/૨૩ | રવિવાર | ભાદરવા વદ-૯ | દશમનું શ્રાધ્ધ |
| ૯/૧૦/૨૩ | સોમવાર | ભાદરવા વદ-૧૦ | એકાદશીનું શ્રાધ્ધ |
| ૧૦/૧૦/૨૩ | મંગળવાર | ભાદરવા વદ-૧૧ | મઘા શ્રાધ્ધ, ઈન્દિરા એકાદશી |
| ૧૧/૧૦/૨૩ | બુધવાર | ભાદરવા વદ-૧૨ | બારસનું શ્રાધ્ધ, સન્યાસીઓનું શ્રાધ્ધ તથા બાળભોળા (બાળકો)નું શ્રાધ્ધ |
| ૧૨/૧૦/૨૩ | ગુરૂવાર | ભાદરવા વદ-૧૩ | તેરસનું શ્રાધ્ધ, શિવરાત્રી |
| ૧૩/૧૦/૨૩ | શુક્રવાર | ભાદરવા વદ-૧૪ | ચૌદશના દિવસ માત્ર અસ્ત્ર-શસ્ત્ર, અકસ્માત, આપઘાતથી મૃત્યુ પામેલાનું શ્રાધ્ધ |
| ૧૪/૧૦/૨૩ | શનિવાર | ભાદરવા વદ-૩૦ | સર્વપીત્રી અમાસ, ચૌદશ, પૂનમ અને અમાસ તથા જેની તિથીની જાણ ન હોય તેનું શ્રાધ્ધ. |
| ૧૫/૧૦/૨૩ | રવિવાર | આસો સુદ -૧ | માતામદ શ્રાધ્ધ |

નોંધ:

(૧) ધર્મસિંધુ પ્રમાણે પૂનમનું શ્રાધ્ધ અમાસના કરવાનું વિધાન છે. સાદી સમજ પ્રમાણે મોટેભાગે શ્રાધ્ધપક્ષ (મહાલય) ભાદરવા વદ-૧ (એકમ)થી જ શરૂ થાય. આવા સંજોગોમાં પૂનમના શ્રાધ્ધ કેમ કરી શકાય?

(૨) સૌભાગ્યવતી નારીનું અવસાન થયેલ હોય તો તેનું શ્રાધ્ધ નોમના કરવું.

(૩) ચૌદશનું શ્રાધ્ધ ચૌદશના નહીં પરંતુ અમાસના દિવસે કરવાનું વિધાન છે. ચૌદશના અકસ્માત-આપઘાત કે અસ્ત્ર-શસ્ત્રથી મૃત્યુ પામેલાનું જ શ્રાધ્ધ થાય છે. તેની મૃત્યુ પછી ભલે ગમે તે હોય.

(૪) બાળકો કે સંન્યાસીઓ અથવા બાળાભોળાનું શ્રાધ્ધ બારસના દિવસે થાય છે.

(૫) માતામહ શ્રાધ્ધ જે આસો સુદ-૧, તા.૧૫-૧૦-૨૩ ને રવિવારે આવે છે. પુત્રી દ્વારા પોતાના માતા-પિતાને ઉદેશીને કે પિયર પક્ષના કોઈ સદ્ગત સભ્યને ઉદેશીને કરતા શ્રાધ્ધને માતામહ શ્રાધ્ધ તરીકે ઓળખવામાં આવે છે. તેવી જ રીતે દોહીત્ર દ્વારા નાના-નાની કે ભાણેજ દ્વારા મામા-મામી કે માસી-માસાને ઉદેશીને આ દિવસે શ્રાધ્ધ કરી શકાય છે. ગુરૂડ પુરાણ, મનુ સ્મૃતિ, ધર્મસિંધુ વગેરે ગ્રંથોમાં તેનો ઉલ્લેખ છે. તેથી જ આ માતામહ શ્રાધ્ધ તરીકે ઓળખાય છે.

– દેવેન કનકચંદ્ર વ્યાસ, અંજાર (કચ્છ)

